# Current Affairs March-2018

## 1.March 2018

**(૧) શિવાનંદ ઝા :**

- ગુજરાત રાજ્યના નવા પોલીસ વડા તરીકે શિવાનંદ ઝાની નિમણૂંક કરવામાં આવી.
- તેઓ ઇન્ચાર્જ પોલીસ વડા પ્રમોદકુમારનું સ્થાન લેશે.
- શિવાનંદ ઝા રાજ્યના ૩૭માં ડીજીપી બન્યા.
- તેઓ ૧૯૮૩ બેચના બિહાર કેડરના આઇપીએસ ઓફીસર છે.
- તેઓ અમદાવાદ અને સુરતના પોલીસ કમિશનર પદે તેમજ ગોધરાકાંડ સમયે અમદાવાદના સંયુક્ત પોલીસ કમિશનર તરીકે ફરજ બજાવી ચૂક્યા છે.

**(૨) દેશનો ત્રિમાસીક GDP :**

- દેશનો ત્રીજો ત્રિમાસીક GDP ૭.૨% રહ્યો.
- ઓક્ટોબર થી ડિસેમ્બરનો આ ત્રિમાસીક ગાળો છેલ્લા પાંચ ત્રિમાસીક ગાળામાં સૌથી વધુ છે.
- આ સાથે ચીનને પછાડીને ભારત ફરી એકવાર વિશ્વમાં સૌથી ઝડપે વિકાસ કરનારો દેશ બની ગયો છે.
- આ વર્ષનો જીડીપી 66% અંદાજવામાં આવ્યો છે.

**(૩) જયેન્દ્ર સરસ્વતી :**

- કોચી કામકોટિ પીઠના શંકરાચાર્ય જયેન્દ્ર સરસ્વતીનું અવસાન.
- તેમનો જન્મ ૧૮ જુલાઇ, ૧૯૩૫ના રોજ તમિલનાડુમાં થયો હતો.
- તેઓ મઠના ૬૯માં શંકરાચાર્ય હતા.
- જયેન્દ્ર સરસ્વતી વર્ષ ૧૯૫૪માં શંકરાચાર્ય બન્યા હતા.
- તેમને સરસ્વતી સ્વામિગલના ઉત્તરાધીકારી ઘોષિત કરાયા ત્યારે તેઓ માત્ર ૧૯ વર્ષના હતા.
- વર્ષ ૨૦૦૩માં તેમણે શંકરાચાર્ય તરીકે ૫૦ વર્ષ પુરા કર્યા હતા.
- તેમનું પૂર્વાશ્રમનું નામ સુબ્રમણ્યન મહાદેવ અય્યર હતું.
- ૧૯૮૩માં જયેન્દ્ર સરસ્વતીએ પોતાના ઉત્તરાધિકારી તરીકે શંકર વિજયેન્દ્ર સરસ્વતીને ઘોષિત કર્યા હતા.

**(૪) જોર્ડન રાજા ભારત પ્રવાસે :**

- તાજેતરમાં જોર્ડનના રાજા અબ્દુલ્લા ભારત પ્રવાસે આવ્યા.
- આ પ્રવાસ અંતર્ગત ભારત– જોર્ડન વચ્ચે વિવિધ ૧૨ કરાર થયા.
- આ અગાઉ અબ્દુલ્લા દ્વિતિય અને નરેન્દ્ર મોદીની મુલાકાત ઓમાન ખાતે થઇ હતી.
- જોર્ડનની યુનિર્વસિટીમાં હિન્દી ચેર સ્થાપવાની જાહેરાત જોર્ડનના રાજા દ્વારા કરવામાં આવી હતી.

**(૫) રોજર ફેડરર – ટેનિસ :**

- સ્વિત્ઝર્લેન્ડનો ટેનિસ સ્ટાર રોજર ફેડરર સૌથી વધારે ૬ વખત લોરિયસ વર્લ્ડ સ્પોટર્સ એવોર્ડ જીતનાર ખેલાડી બન્યો.
- આ સાથે ફેડરર પાંચમી વખત વર્લ્ડ સ્પોટ્સમેન ઓફ ધ યર બન્યા.
- આ ઉપરાંત આ વર્ષે કમ બેક ઓફ ધ યરનો એવોર્ડ પણ તેઓ જીત્યા છે.
- ગત વર્ષે ફેડરરે વિમ્બલ્ડન ટાઇટલ તથા છેલ્લા બે વર્ષથી ઓસ્ટ્રેલિયન ઓપન જીતી ચૂક્યા છે.
- આ વર્ષના લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ વિજેતા :
  – સ્પોર્ટ્સમેન ઓફ ધ યર – રોજર ફેડરર (ટેનિસ)
  – સ્પોર્ટ્સવુમન ઓફ ધ યર – સેરેના વિલિયમ્સ (ટેનિસ)
  – કમ બેક ઓફ ધ યર – રોજર ફેડરર (ટેનિસ)
  – ટીમ ઓફ ધ યર – મર્સિડિઝ –એફ–૧ (ફોર્મ્યુલા ૧)

પ્રશ્નો :

૧ ગુજરાત રાજ્યના નવા પોલીસ વડા તરીકે કોની નિમણૂંક કરવામાં આવી ?
– શિવાનંદ ઝા

૨ શિવાનંદ ઝા કોનું સ્થાન લેશે ?
– પ્રમોદકુમાર

૩ શિવાનંદ ઝા રાજ્યના કેટલામાં ડીજીપી બન્યા. ?
– ૩૭માં

૪ દેશનો ત્રીજો ત્રિમાસીક જીડીપી કેટલો રહ્યો ?
– ૭.૨ ટકા

૫ જયેન્દ્ર સરસ્વતીનો જન્મ ક્યારે થયો હતો ?
– ૧૮ જુલાઇ ૧૯૩૫

૬ જયેન્દ્ર સરસ્વતીનો જન્મ કયા રાજ્યમાં થયો હતો ?
– તમિલનાડુ

૭ જયેન્દ્ર સરસ્વતી મઠના કેટલામાં શંકરાચાર્ય હતા ?
– ૬૯

૮ તાજેતરમાં ભારત પ્રવાસે આવેલા જોર્ડનના રાજાનું નામ જણાવો.
– રાજા અબ્દુલ્લા

૯ લોરિયર્સ વર્લ્ડ સ્પોટર્સ એવોર્ડ છ વખત જીતનાર રોજર ફેડરર કયા દેશનો છે ?
– સ્વિત્ઝર્લેન્ડ

૧૦ રોજર ફેડરર કેટલામી વખત વર્લ્ડ સ્પોટ્સમેન ઓફ ધ યર બન્યો.
– પાંચમી વખત

## 2.March 2018

**(૧) વિશ્વનો સૌથી મોટો સોલાર પાવર પ્લાન્ટ :**

- વિશ્વના સૌથી મોટા સોલાર પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્ણાટકમાં કરવામાં આવ્યું.
- તુમાકુરૂ જિલ્લામાં આવેલ આ પ્લાન્ટ તૈયાર કરવામાં માત્ર બે વર્ષ જેટલો જ સમય લાગ્યો છે.
- આ પ્લાન્ટ બનાવવા માટે સરકારે ખેડૂતો પાસેથી જમીન અધિગ્રહણ કર્યું નથી.
- ૧૩ હજાર એકરમાં ફેલાયેલ આ પ્લાન્ટ ૨૦૦૦ મેગા વોટની ક્ષમતા ધરાવે છે.
- આ સોલાર પ્લાન્ટનું નામ 'શક્તિ સ્થળ' રાખવામાં આવ્યુ છે.

**(૨) એશિયન કુસ્તી ચેમ્પિયનશીપ :**

- તાજેતરમાં કિંગીઝસ્તાન ખાતે એશિયન કુસ્તી ચેમ્પિયનશીપનું આયોજન થયુ હતું.
- આ ચેમ્પિયનશીપમાં ભારતને કુલ ૪ મેડલ મળ્યા હતા
- ભારતીય કુસ્તીબાજ : વિનેશ ફોગટ, સંગીતા

**(૩) સૌથી વધુ અબજોપતિ ધરાવતા દેશ :**

- તાજેતરમાં હરૂન ગ્લોબલ દ્વારા દુનિયાના સૌથી વધુ અબજોપતિ ધરાવતા દેશની યાદી બહાર પાડી.
- આ યાદીમાં ૧૩૧ અબજોપતિ સાથે ભારત ત્રીજા સ્થાને રહ્યું હતું.
- આ યાદીમાં ચીન અને અમેરિકા અનુક્રમે પ્રથમ અને બીજા સ્થાને રહ્યા હતા.
- આ યાદીમાં ૧૨૩ અબજ ડોલરની સંપતિ ધરાવતા એમેઝોનના સ્થાપક જૈફ બેઝોસ ટોંચના ક્રમે હતા.
- જ્યારે ભારતના મુકેશ અંબાણી અને ગૌતમ અદાણી અનુક્રમે ૧૯ અને ૯૮માં સ્થાને રહ્યા હતા.
- આ ઉપરાંત ભારતના આઉટકમ વેલ્થના શ્રદ્ધા અગરવાલ, ડાયરેક્ટિના દિવ્યાંક તુરખિયા અને પેટીએમના વિજય શેખરનો પણ આ યાદીમાં સમાવેશ થાય છે.

પ્રશ્નો :

૧ વિશ્વનો સૌથી મોટા સોલાર પ્લાન્ટનું ઉદ્‌ઘાટન ક્યાં કરવામાં આવ્યું ?
– કર્ણાટક (તુમાકુરૂ જિલ્લો)

૨ વિશ્વના સૌથી મોટા સોલાર પ્લાન્ટનું નામ શું રાખવામાં આવ્યું ?
– શક્તિ સ્થળ

૩ શક્તિ સ્થળ સોલર પ્લાન્ટની ક્ષમતા કેટલી છે ?

Vivekanand Academy Gandhinagar

– ૨૦૦૦ મેગા વોટ
૪ એશિયન કુસ્તી ચેમ્પિયનશીપનું આયોજન કયાં દેશમાં થયું હતું ?
– કિંગીઝસ્તાન
૫ એશિયન કુસ્તી ચેમ્પિયનશીપમાં ભારતને કેટલા મેડલ મળ્યા હતા ?
– ચાર
૬ હરૂન ગ્લોબલ દ્વારા દુનિયાન સૌથી વધુ અબજોપતિ ધરાવતા દેશની યાદીમાં ભારતનું સ્થાન જણાવો ?
– ત્રીજું
૭ હુરૂન ગ્લોબલ દ્વારા કેટલા અબજોપતિની યાદી જાહેર કરાવમાં આવી ?
– ૧૩૧

## 3.March 2018

**(૧) વિશ્વ વન્યજીવ દિવસ :**

**(૨) ડાંગ દરબારનું સમાપન :**

– તાજેતરમાં ૨૫ થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન ડાંગના આહવા ખાતે ડાંગ દરબારનું આયોજન થયું હતું.
– ડાંગ દરબારના ભાતિગળ લોકમેળાનું સમાપન સમારોહ યોજાયો હતો.
– એક હજાર કલાકારોએ પોતાની અદ્‌ભૂત કલા પ્રતિભાના દર્શન કરાવ્યા હતા.
– ડાંગ દરબારમાં ડાંગી નૃત્યો, થાળી, કથા, ડુંગરદેવ સહીતની સાંસ્કૃતિક વિરાસતને ઉજાગર કરતા નૃત્યો કલાકારો દ્વારા પ્રસ્તુત કરાયા હતા.
– ગુજરાતી કલાકારો સાથે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદશે તથા ગોવાથી આવેલા કલાકારોએ પોતાની પ્રાદેશીક કૃતિઓ રજૂ કરી હતી.

પ્રશ્નો :
૧ વિશ્વ વન્યજીવ દિવસ ક્યારે ઉજવાય છે ?
– ૩ માર્ચ
૨ તાજેતરમાં ડાંગના આહવા ખાતે ડાંગ દરબારનું આયોજન કયા સમય દરમિયાન થયું ?
– ૨૫ થી ૨૮ ફેબ્રુઆરી

## 4.March 2018

**(૧) રાષ્ટ્રીય સુરક્ષાદિન :**

**(૨) ૩ રાજ્યોની વિધાનસભાની સામાન્ય ચૂંટણીના પરિણામ :**

– પૂર્વોત્તર ભારતના ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલય આ ત્રણ રાજ્યોમાં યોજાયેલ વિધાનસભાની સામાન્ય ચૂંટણીના પરિણામ જાહેર થયા
– ત્રિપુરા :
– પાટનગર – અગરતલા
– કુલ સીટ – ૬૦
– ભાજપને ૪૩ જ્યારે માકપાનો ૧૬ સીટમાં વિજય થયો.
નાગાલેન્ડ :
– પાટનગર – કોહીમાં
– કુલ સીટ – ૬૦
– નાગાલેન્ડમાં ભાજપના ગઠબંધનને ૨૭ સીટ તથા માકપાને પણ ૨૭ સીટ મળી છે.
મેઘાલય :
– પાટનગર – શિલોંગ
– કુલ સીટ – ૬૦
– મેઘાલયમાં કોંગ્રેસને ૨૧ તથા ભાજપને ૨ સીટ મળી છે.
– આ ચૂંટણીના પરિણામ સાથે દેશના ૨૦ રાજ્યોમાં ભાજપનો વ્યાપ થયો.

**(૩) રાજકોટના યુવાનને ઇન્ડિયા બુક ઓફ રેકર્ડમાં સ્થાન :– યંગેસ્ટ એચીવર એવોર્ડ**

– રાજકોટના યુવાન હાર્દિક સોરઠીયાનું રાજ્યપાલના હસ્તે સન્માન થયું.
– હાર્દિક ભણતરની સાથે રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા તથા કેમ્બ્રિજની સ્પર્ધા સહીત અનેક પુરસ્કાર મળ્યા હતા.
– વર્ષ ૨૦૧૫માં સરદાર પટેલ અંગેના વક્તવ્ય બદલ તેમને મુખ્યમંત્રીના હસ્તે એવોર્ડ અપાયા હતો.
– હાર્દિકને ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડ અને એશિયા બુક ઓફ રેકોર્ડ માટે રાજ્યપાલ ઓ.પી. કોહલીના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

**(૪) સ્નૂકર ટીમ વર્લ્ડકપ :**

– સ્નૂકર ટીમ વર્લ્ડકપમાં ભારતના પંકજ અડવાણી અને મનન ચંદ્રાની જોડીએ ફાઇનલમાં પાકિસ્તાનને હરાવી ભારતને જીત અપાવી.
– આ ચેમ્પિયનશીપ દોહા ખાતે યોજાઇ હતી.
– આ જીત સાથે પંકજ અડવાણીના આંતરરાષ્ટ્રીય ટાઇટલની સંખ્યા ૧૯ થઇ.
– તથા મનન ચંદ્રાનું આ પ્રથમ વર્લ્ડ ટાઇટલ હતું.

**(૫) એશિયન રેસલીંગ ચેમ્પિયનશીપ – ૨૦૧૮ :**

– કિંગીઝસ્તાનના બિશ્કેક ખાતે આ ચેમ્પિયનશીપનું આયોજન થયું.
– આ ચેમ્પિયનશીપમાં ભારતના શ્રીમતી નવજોત કૌરે ગોલ્ડ મેડલ જીત્યો હતો.
– નવજોત આ મુકાબલો ૬૫ કિ.ગ્રા વજનની ફ્રી સ્ટાઇલ કેટેગરીમાં જાપાનની મિયુ ઇમાઇ સામે જીત્યો હતો.
– એશીયન રેસલિંગ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ જીતનાર તેઓ પ્રથમ ભારતીય મહિલા બન્યા.
– આ અગાઉ તેમણે વર્ષ ૨૦૧૩માં એશિયન ચેમ્પિયનશીપમાં સિલ્વર તથા ૨૦૧૪માં કોમનવેલ્થ ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

પ્રશ્નો :
૧ રાષ્ટ્રીય સુરક્ષા દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
– ૪ માર્ચ
૨ ત્રિપુરામાં તાજેતરમાં યોજાયેલ વિધાનસભાની કેટલી બેઠક પર ચુંટણી યોજાયેલ ?
– ૬૦ સીટ
૩ ત્રિપુરાનું પાટનગર ?
– અગરતલા
૪ નાગાલેન્ડ વિધાનસભાની કેટલી સીટો માટે ચૂંટણીનું આયોજન થયું હતું ?
– ૬૦
૫ શીલોંગ કયાં રાજ્યનું પાટનગર છે ?
– મેઘાલય
૬ ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવનાર રાજકોટના યુવાનનું નામ જણાવો ?
– હાર્દિક જીવરાજભાઇ સોરઠીયા
૭ ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવનાર હાર્દિક સોરઠીયાનું સન્માન કોના દ્વારા કરવામાં આવ્યું ?
– ગુજરાતના રાજ્યપાલ
૮ પંકજ અડવાણીનું કાર્યક્ષેત્ર જણાવો
– સ્નૂકર
૯ સ્નૂકર ટીમ વર્લ્ડકપ કયા યોજાઇ હતી ?
– દોહા
૧૦ સ્નૂકર ટીમ વર્લ્ડકપમાં ભારતની ટીમે ફાઇનલમાં કઈ ટીમને હરાવી ?
– પાકિસ્તાની ટીમને
૧૧ એશિયન રેસલીંગ ચેમ્પિયનશીપ – ૨૦૧૮ ભારતની કઇ ખેલાડીએ બ્રોન્ઝમેડલ જીત્યો ?
– શ્રીમતી નવજોત કૌર

## 5.March 2018

**(૧) ISSF શૂટીંગ વર્લ્ડ કપ :**

– મેક્સીકોના ગ્વાદલઝારામાં ISSF વર્લ્ડકપ સિરિઝનું આયોજન થયું હતું.

- આ વર્લ્ડકપમાં ભારતીય શૂટર શાહઝારા રિઝવીએ શૂટીંગ વર્લ્ડકપમાં ૧૦ મીટર એર પીસ્તોલ ઇવેન્ટમાં વર્લ્ડ રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા.
- કારકીર્દિના પહેલા જ વર્લ્ડકપમાં રિઝવીએ ૨૪૨.૩ પોઇન્ટ સાથે વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો હતો.
- આ જ ઇવેન્ટમાં ભારતના જીતુ રાયે પણ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.
- આ ઉપરાંત પહેલી વખત સિનિયર શૂટર તરીકે ઇવેન્ટમાં ભાગ લઇ રહેલી મેહુલી ઘોષે ૧૦ મીટર એર રાઇફલ ઇવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો.
- ભારતની મનુ ભાકરે મહિલા વિભાગની ૧૦ મીટર એર પીસ્ટલ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ તથા પુરૂષ વિભાગની ૧૦ મીટર એર રાઇફલ સ્પર્ધામાં રવિકુમારે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

**(૨) રોનાલ્ડો – ફૂટબોલર :**

- રિયલ મેડ્રીડના ક્રિસ્ટીયાનો રોનાલ્ડોએ સ્પેનિશ લીગ લા લીગમાં ૩૦૦ ગોલ પુરા કર્યા.
- આ સાથે લા લીગમાં સૌથી ઝડપી ૩૦૦ ગોલ પુરા કરનાર ખેલાડી બન્યો.
- આ સિધ્ધી તેણે ૨૮૬ મેચમાં નોંધાવી છે.
- રોનાલ્ડો પહેલા લાયોનલ મેસ્સીએ ૩૦૦ ગોલ કર્યા છે. પરંતુ મેસ્સીએ આ માટે ૩૩૪ મેચ રમી હતી.
- મેસ્સી લા લીગમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી છે.

**(૩) શત્રુધ્ન સિંહાને લંડનમાં લાઇફટાઇમ અચિવમેન્ટ એવોર્ડ :**

- અભિનેતા અને રાજકારણી શત્રુધ્ન સિંહાને કલા અને રાજકીય ક્ષેત્રમાં યોગદાન બદલ લંડનમાં લાઇફટાઇમ અચિવમેન્ટ એવોર્ડથી નવાજવામાં આવ્યા.
- આ સમારોહ બ્રિટીશ સંસદના પરિસરમાં યોજાયો હતો.
- શત્રુધ્ન સિંહાનો જન્મ બિહારના પટનામાં થયો હતો.
- ૬૦ના દાયકામાં પોતાની કારકિર્દીની શરૂઆત કરનાર શત્રુધ્ન સિંહાએ ૨૨૫થી વધુ ફિલ્મોમાં કામ કર્યું હતું.

પ્રશ્નો :

૧ ISSF શુંટીંગ વર્લ્ડકપનું આયોજન કયાં થયું હતું ?
- મેક્સીકો (ગ્વાદલઝારા)

૨ ISSF શુંટીગ વર્લ્ડકપમાં ૧૦ મીટર એર પીસ્તોલમાં ગોલ્ડમેડલ કોને મળ્યો હતો ?
- શાહઝાર રિઝવી

૩ શાહઝાર રિઝવી કયા ક્ષેત્રમાં વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો ?
- ૧૦ મીટર પીસ્તોલ (શુટીંગ)

૪ સ્પેનિશ લીગ લા લીગમાં સૌથી ઝડપી ૩૦૦ ગોલ પુરા કરનાર ખેલાડી જણાવો ?
- રોનાલ્ડો

૫ સ્પેનિશ લા લીગમાં સૌથી વધુ ગોલ્ડ કરનાર ખેલાડી કોણ છે ?
- મેસ્સી

## 6.March 2018

**(૧) ઓસ્કાર એવોર્ડ – ૨૦૧૮ :**

- તાજેતરમાં લોસ એન્જલસ ખાતે ડોલ્બી થીયેટરમાં ૯૦ માં ઓસ્કાર એવોર્ડનું આયોજન થયું.
- દર વર્ષે ફેબ્રુઆરી માસમાં યોજાતા ઓસ્કાર એવોર્ડને આ વર્ષે વિન્ટર ઓલિમ્પિકને કારણે માર્ચ મહિનામાં યોજવામાં આવ્યો હતો.
- ઓસ્કાર એ ફિલ્મક્ષેત્રનો સર્વોચ્ચ એવોર્ડ છે.
- એકેડમી ઓફ મોશન પિક્ચર આર્ટસ એન્ડ સાયન્સિઝ દ્વારા આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.
- વોલ્ટ ડિઝનીએ કુલ ૨૬ વખત ઓસ્કાર જીત્યા છે. તથા એક જ વર્ષમાં સૌથી વધુ ચાર વખત નોમિનેટ થવાનો વિક્રમ પણ તેમના નામે છે.
- જ્યોર્જ બર્નાડ શો એકમાત્ર એવી વ્યક્તિ છે જેઓ ઓસ્કાર અને નોબલ પ્રાઇઝ બંને વિશ્વ કક્ષાના એવોર્ડ જીતી ચૂક્યા છે.
- સૌપ્રથમ ઓસ્કાર એવોર્ડ વિતરણ કાર્યક્રમ હોલીવુડ રૂઝવેલ્ટ હોટલમાં વર્ષ ૧૯૨૯માં થયું હતું.
- વર્ષ ૨૦૦૨ થી સમારોહનું આયોજન ડોલ્બી થીયેટર ખાતે થાય છે.
- ઓસ્કાર વિજેતા – ૨૦૧૮

| એવોર્ડ | વિજેતા |
|---|---|
| – બેસ્ટ ફિલ્મ | – ધ શેપ ઓફ વોટર – |
| – બેસ્ટ એક્ટર | – ગેરી ઓલ્ડમેન– ડાર્કરેટ આથર |
| – બેસ્ટ એક્ટ્રેસ આઉટ સાઇડ | – ફ્રાન્સિસ મેકર્ડોમેન્ડ – થી બિલબોર્ડ્સ |
| – બેસ્ટ ડાયરેક્ટર વોટર | – ગુલેર્મો – ડેલટોરા – ધ શેપ ઓફ |

**ઓસ્કાર અને ભારત :**

- શ્રીમતી ભાનુ અથૈયા ઓસ્કાર એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય વ્યક્તિ છે.
- તેમને વર્ષ ૧૯૮૩માં 'ગાંધી' ફિલ્મ માટે 'બેસ્ટ કોસ્ચ્યુમ ડિઝાઇન' કેટેગરીમાં એવોર્ડ એનાયત થયો હતો.
- વર્ષ ૧૯૯૨માં બંગાળી ફિલ્મ ડાયરેક્ટર શ્રી સત્યજીત રે ને લાઇફ ટાઇમ અચિવમેન્ટ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.
- એ.આર. રહેમાન એક સાથે બે ઓસ્કાર એવોર્ડ મેળવનાર એકમાત્ર ભારતીય છે.
- સ્લમડોગ મિલિયોનર ફિલ્મ સૌથી વધુ ત્રણ ઓસ્કાર એવોર્ડ મેળવનાર ભારતીય ફિલ્મ છે.
- ઓસ્કાર માટે પ્રથમ વખત નોમીનેટ થનાર ફિલ્મ 'મધર ઇન્ડિયા' છે.

**(૨) હિતેશ ચાવડા : સ્વિમિંગ**

- ન્યૂઝિલેન્ડના ડ્યુનેડિન ખાતે ન્યુઝિલેન્ડ માસ્ટર ગેમનું આયોજન થયું હતું.
- આ ચેમ્પિયનશીપમાં સ્વિમિંગ વિભાગમાં અમદાવાદના હિતેશ ચાવડાએ કુલ પાંચ મેડલ જીત્યા હતા.
- જેમાં બે ગોલ્ડ, એક સિલ્વર તથા બે બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે.
- આ ચેમ્પિયનશીપમાં અંદાજે ૫૪૦ જેટલા સ્વિમરોએ સમગ્ર વિશ્વમાંથી ભાગ લીધો હતો.

પ્રશ્નો :

૧ ઓસ્કાર એવોર્ડ –૨૦૧૮નું આયોજન કયાં થયું હતું ?
- લોસ એન્જલસ (ડોલ્બી થિયેટર)

૨ ફિલ્મક્ષેત્રનો સર્વોચ્ચ એવોર્ડનું નામ જણાવો ?
- ઓસ્કાર

૩ વોલ્ટ ડિઝનીએ કુલ કેટલી વખત ઓસ્કાર જીત્યા છે ?
- ૨૬ વખત

૪ સૌપ્રથમ ઓસ્કાર એવોર્ડનું વિતરણ ક્યારે થયું હતું ?
- ૧૯૨૯

૫ ઓસ્કાર –૨૦૧૮ની બેસ્ટ ફિલ્મનું નામ જણાવો ?
- ધ શેપ ઓફ વોટર

૬ ઓસ્કાર–૨૦૧૮નાં બેસ્ટ એક્ટરનો એવોર્ડ કોને એનાયત થયો ?
- ગેરી ઓલ્ડમેન

૭ ૧૯૯૨માં કયા ભારતીય ડાયરેક્ટરને લંડનમાં લાઇફટાઇમ અચિવમેન્ટ એવોર્ડથી નવાજવામાં આવ્યા ?
- શ્રી સત્યજીત રે

## 7.March 2018

**(૧) મેઘાલયના નવા સી.એમ. કોનરાડ :**

- મેઘાલયની રાજધાની શિલોંગ ખાતે કોનરાડ કોંગકેલ સંગમાએ રાજ્યનામાં ૧૨માં મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા.
- તેઓ મેઘાલયના સૌથી યુવાન મુખ્યમંત્રી બન્યા.
- ૪૦ વર્ષિય કોનરાડ સંગમા લોકસભાના પૂર્વ સ્પિકર સ્વ. પી.એ. સંગમાના પુત્ર છે.

Vivekanand Academy Gandhinagar

- મેઘાલયના રાજ્યપાલ ગંગાપ્રસાદે કોનરાડ સાથે ૧૧ ધારાસભ્યોને મંત્રી પદના શપથ અપાવ્યા હતા.

**(૨) શમ્મી આન્ટી :**

- હિન્દી ફિલ્મોના પીઢ અભિનેત્રી શમ્મી આન્ટીનું અવસાન.
- તેમનું મૂળ નામ નરગિસ રબાદી હતું.
- તેમનો જન્મ ૨૪ એપ્રિલ ૧૯૨૯ના રોજ બોમ્બે ખાતે થયો હતો.
- શમ્મી આન્ટીએ કુલી નં. ૧, ખુદા ગવાહ, હમ, હાફ ટિકિટ જેવી ૨૦૦ જેટલી ફિલ્મોમાં કામ કર્યું હતું.
- આ ઉપરાંત તેમણે ‘જનાબ સંભાલ કે’ તથા શ્રીમાન– શ્રીમતી જેવી લોકપ્રિય ટીવી સિરિયલોમાં પણ અભિનય આપ્યો હતો.
- શિરિદ ફરહાન કી તો નિકલ પડી’ તેમની છેલ્લી ફિલ્મ હતી.

**(3) બાલમુકુન્દ દવે :**

- ગુજરાતી સાહિત્યકાર બાલમુકુન્દ દવેની આજે ૧૦૨મી જન્મજયંતિ છે.
- તેમનો જન્મ ૭ માર્ચ ૧૯૧૬ના રોજ વડોદરા જિલ્લાના મસ્તુપુરામાં થયો હતો.
- પુરૂ નામ : બાલમુકુન્દ મણીશંકર દવે
- નવજીવન દ્વારા પ્રકાશિત ‘લોક જીવન’ ના તેઓ સંપાદક બન્યા હતા.
- તેમનો કાવ્યસંગ્રહ ‘પરિક્રમા’ ગુજરાતી કવિતામાં નોંધપાત્ર સ્થાન ધરાવે છે.
- ‘હરિનો હંસલો’ તેમની ખૂબ જ પ્રસિધ્ધ રચના છે.

પ્રશ્નો :

૧ મેઘાલયના નવા સી.એમ.નું નામ જણાવો ?
– કોનરાડ કોંગકેલ સંગમા
૨ મેઘાલયની રાજધાની જણાવો ?
– શિલોંગ
3 મેઘાલયના રાજ્યપાલનું નામ જણાવો ?
– ગંગાપ્રસાદ કોનરાડ
૪ શમ્મી આન્ટિનું કાર્યક્ષેત્ર જણાવો ?
– અભિનેત્રી
૫ શમ્મી આન્ટિનું મુળનામ જણાવો ?
– નરગિસ રબાદી
૬ શમ્મી આન્ટિની છેલ્લી ફિલ્મનું નામ જણાવો ?
– શિરિદ ફરહાન કી તો નિકલ પડી
૭ ઓસ્કાર એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય વ્યક્તિ જણાવો ?
– ભાનુ અથૈયા
૮ ભાનુ અથૈયાને કઇ ફિલ્મ માટે ઓસ્કાર એવોર્ડ એનાયત થયો હતો ?
– ગાંધી (૧૯૮૩)
૯ એક સાથે બે ઓસ્કાર એવોર્ડ મેળવનારભારતીય જણાવો ?
– એ.આર. રહેમાન
૧૦ ઓસ્કાર એવોર્ડ માટે પ્રથમ ભારતીય નોમીનેટ ભારતીય ફિલ્મનું નામ જણાવો ?
– મધર ઇન્ડિયા
૧૧ હિતેશ ચાવડાનું કાર્યક્ષેત્ર જણાવો ?
– સ્વિમિંગ
૧૨ ન્યુઝિલેન્ડ માસ્ટ ગેમનું આયોજન કયાં સ્થળે થયું હતું ?
– ડ્યુનેડિન (ન્યુઝિલેન્ડ)
૧૩ બાલમુકુન્દ દવેની તાજેતરમાં કેટલામી જન્મજયંતિ ઉજવાય હતી ?
– ૧૦૨ મી
૧૪ બાલમુકુન્દ દવેનું પુરૂનામ જણાવો ?
– બાલમુકુન્દ મણીશંકર દવે
૧૫ ‘પરિક્રમા’ કૃતિના કર્તા જણાવો ?
– બાલમુકુન્દ દવે
૧૬ બાલમુકુન્દ દવેની પ્રસિધ્ધ રચના જણાવો ?
– હરિનો હંસલો

## 8.March 2018

**(૧) આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ :**

- વિશ્વ મહિલા દિન નિમિત્તે ગુજરાત સરકાર દ્વારા ‘બેટી બચાવો, બેટી પઢાઓ, થીમ પર રાજ્યકક્ષાએ અને જિલ્લાકક્ષાએ મહીલા કલ્યાણલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.
- સંયુક્તરાષ્ટ્ર સંઘ દ્વારા આ વર્ષની થીમ પ્રેસ ફોર પ્રોગ્રેસ’ રાખવામાં આવી
- ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના રોજ જન્મ લેનાર રાજ્યની તમામ દિકરીઓને નન્હી પરી અવતરણ યોજના અંતર્ગત ૫ ગ્રામ ચાંદીનો સિક્કો, મમતાકિટ, મિઠાઇનો ડબ્બો અને ગુલાબના ફુલથી વધાવવામાં આવશે.

**(૨) પ્રિટઝકર પ્રાઇઝ :**

- પ્રિટઝકર પ્રાઇઝ આર્કિટેક્ચરની દુનિયાનું નોબલ પ્રાઇઝ ગણાય છે.
- ગુજરાતના આર્કિટેક્ટ બાલકૃષ્ણ દોશીને વર્ષ ૨૦૧૮નું પ્રિટઝકર પ્રાઇઝ મળ્યું.
- ભારતની સાથે સાથે સમગ્ર દક્ષિણ એશિયામાં આ પ્રતિષ્ઠિત સન્માન મેળવનાર બાલકૃષ્ણ દોશી પ્રથમ વ્યક્તિ છે.
- ૯૦ વર્ષિય બાલકૃષ્ણ દોશી આજે પણ આર્કિટેક્ચરની દુનિયામાં ભારતના લિવિંગ લિજેન્ડ ગણાય છે.
- તેઓ વિશ્વ પ્રસિધ્ધ અર્બન ટાઉન પ્લાનર તરીકે પણ જાણીતા છે.
- અમદાવાદમાં આવેલો ટાગોર મેમોરિયલ હોલ તેમની કુનેહનો એક ઉત્તમ નમૂનો છે.
- તેઓનો જન્મ પૂણેમાં થયો હતો, તેમણે અમદાવાદને પોતાની કર્મભૂમિ બનાવી છે.

**(3) ફોર્બ્સ વર્લ્ડ બિલિયોનેર લીસ્ટ – ૨૦૧૮**

- તાજેતરમાં ફોર્બ્સ દ્વારા વર્ષ ૨૦૧૮ માટે વિશ્વના ધનપતિઓનું લિસ્ટ જાહેર કરાયું.
- આ યાદીમાં પ્રથમ ક્રમે એમેઝોન કંપનીના માલીક જૈફ બેઝોને સ્થાન મળ્યું છે.
- આ યાદીમાં કુલ ૧૧૯ ભારતીયોનો સમાવેશ થયો છે. જેમા મુકેશ અંબાણી પ્રથમ સ્થાને છે.

**દુનિયાના ટોપ–૫ ધનપતિઓ**

| ક્રમ | નામ | કંપની | દેશ |
|---|---|---|---|
| ૧ | જૈફ બેઝોસ | એમેઝોન | અમેરિકા |
| ૨ | બિલ ગેટ્સ | માઇક્રોસોફ્ટ | અમેરિકા |
| 3 | વોરન બફેટ | બર્કન હેથવે | અમેરિકા |
| ૪ | બર્નોર્ડ એનૉલ્ટ | એલવીએમએચ | ફ્રાન્સ |
| ૫ | માર્ક ઝુકરબર્ગ | ફેસબુક | અમેરિકા |

**ટોપ–૫ ભારતીય ધનપતિઓ**

| વૈશ્વિક ક્રમ | નામ | કંપની |
|---|---|---|
| ૧૯ | મુકેશ અંબાણી | રિલાયન્સ |
| ૫૮ | અઝીમ પ્રેમજી | વિપ્રો |
| ૬૨ | લક્ષ્મી મિત્તલ | આર્સેલર મિત્તલ |
| ૯૮ | શિવ નાદર | એચસીએલ |
| ૧૧૫ | દિલીપ સંઘવી | સન ફાર્મા |

પ્રશ્નો :

૧ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ક્યારે ઉજવવામાં આવે છે ?
– ૮ માર્ચ
૨ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની સંયુક્ત રાષ્ટ્રસંઘની આ વખતની થીમ જણાવો ?
– પ્રેસ ફોર પ્રોગેસ
3 બાલકૃષ્ણ દોશીને તાજેતરમાં કયો એવોર્ડ એનાયત થયો ?
– પ્રિટઝકર એવોર્ડ
૪ બાલકૃષ્ણ દોશીનો જન્મ કયાં થયો હતો ?
– પુણે

Vivekanand Academy Gandhinagar

૫ ફોર્બ્સ વર્લ્ડ બિલિયોનેર –૨૦૧૮ની બહાર પડાયેલી યાદીમાં પ્રથમ ક્રમ કોને મળ્યો છે ?
– જૈફ બેઝોસ
૬ વર્લ્ડ બિલિયોનેર લીસ્ટ–૨૦૧૮માં કુલ કેટલા ભારતીયોને સ્થાન મળ્યું છે ?
– ૧૧૯

## 9.March 2018

**(૧) આર્ચરી એશિયા કપ :**
– બેંગકોકમાં આર્ચરી એશિયાકપનું આયોજન થયું હતું.
– આ ચેમ્પિયનશીપમાં ભારતીય તિરંદાજ મુસ્કાન કિરાર અને પ્રોમિલા દાઇમારીએ ગોલ્ડ મેડલ જીત્યો હતો.
– ૧૭ વર્ષિય મુસ્કાને મહિલા કમ્પાઉન્ડ વિભાગમાં અને પ્રોમિલાએ રિકર્વ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો.
– આ ઉપરાંત પુરૂષ સિંગલ્સ રિકર્વ વિભાગમાં ગૌરવ લામ્બે અને વ્યક્તિગત રિકર્વ મહિલા વિભાગમાં મેઘા વેદવાએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

**(૨) કર્ણાટક રાજ્યનો અલગ ધ્વજ :**
– કર્ણાટક રાજ્ય સરકારે રાજ્યનો અલગ રાજ્ય ધ્વજ રાખવાનો નિર્ણય લીધો.
– મુખ્યપ્રધાન સિધ્ધરામૈયા દ્વારા આયોજીત બેઠકમાં નવ સભ્યોની બનેલ ધ્વજ સમિતિ દ્વારા આ નિર્ણય લેવાયો.
– ધ્વજનો કલર : પીળો, લાલ અને શ્વેત
– ધ્વજની મધ્યમાં રાજ્ય ચિન્હ મુકવામાં આવ્યું છે.
– રાજધાની : બૈંગ્લુરૂ

**(૩) નાગાલેન્ડ મુખ્યપ્રધાન : નેફિયુ રિયો :**
– નાગાલેન્ડના મુખ્યપ્રધાન તરીકે નેફિયુ રિયોએ શપથ લીધા.
– નેફિયુ રિયો રાજ્યના ચોથીવાર મુખ્યપ્રધાન બન્યા.
– નાગાલેન્ડની રાજધાની કોહિમા ખાતે શપથ ગ્રહણ સમારોહનું આયોજન થયું હતું.
– નાગાલેન્ડની સ્થાપના ૧ ડિસેમ્બર, ૧૯૬૩ના રોજ કરવામાં આવી હતી જેની જાહેરાત તત્કાલીન રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણન દ્વારા કરવામાં આવી હતી.

પ્રશ્નો :
૧ આર્ચરી એશિયાકપ–૨૦૧૮ આયોજન કયાં થયું હતું ?
– બેંગકોક
૨ આર્ચરી ચેમ્પિયનશીપમાં કયા કયાં ભારતીયે ગોલ્ડ મેડલ જીત્યા હતા ?
– મુસ્કાન કિરાર અને પ્રેમિલા હાઇમારીએ
૩ તાજેતરમાં કયાં સરકારે અલગ ધ્વજ રાખવાનો નિર્ણય કર્યો ?
– કર્ણાટક
૪ કર્ણાટકની રાજધાની જણાવો ?
– બેંગ્લુરૂ
૫ નાગાલેન્ડના નવા મુખ્યપ્રધાનનું નામ જણાવો ?
– નેફિયુ રિયો
૬ નાગાલેન્ડની રાજધાનીનું નામ જણાવો ?
– કોહિમા
૭ નાગાલેન્ડની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?
– ૧ ડિસેમ્બર ૧૯૬૩

## 10.March 2018

**(૧) ભારતમાં ઇચ્છામૃત્યુને મંજુરી :**
– સુપ્રિમ કોર્ટે ભારતમાં ઇચ્છામૃત્યુને મંજુરી આપતો મહત્વનો ચૂકાદો આપ્યો.
– હવે અસાધ્ય બિમારીથી પીડિત વ્યક્તિને પોતાના મૃત્યુની પસંદગીનો અધિકાર મળશે.
– આ માટે દર્દી અને તેના પરિવાર જનોની સહમતી જરૂરી છે. તથા ઇચ્છામૃત્યુ માટેની અરજી હાઇકોર્ટમાં કરવી પડશે.
– આમ, ઇચ્છામૃત્યુનો અધિકાર આપનાર ભારત દુનિયાનો ૨૨ મો દેશ બન્યો.

**(૨) વિન્ટર પેરાલિમ્પિક ગેમ્સ પ્રારંભ :**
– સાઉથ કોરિયાના પ્યોંગચાંગ ખાતે વિન્ટર પેરાલિમ્પિક ગેમ્સનો પ્રારંભ થયો.
– દિવ્યાંગો માટેની આ ઇવેન્ટમાં ૪૯ દેશોના ૫૬૭થી વધુ ખેલાડીઓ ભાગ લેશે.
– ઇવેન્ટમાં આલ્પાઇન સ્કિઇંગ, બાઇથ્લોન, આઇસ સ્લેજ હોકી, સ્નોબોર્ડિંગ અને વ્હિલચેર કર્લિંગ જેવી રમતો હશે.

**(૩) અંજુમ મુદગિલ – શૂટીંગ :**
– ભારતીય શૂટર અંજુમ મુદ્દગિલે આઇએસએસએફ વર્લ્ડકપમાં સિલ્વર મેડલ જીત્યો.
– મેક્સિકો ખાતે આ શૂટીંગ વર્લ્ડકપનું આયોજન થયું હતું.
– અંજુમનો વર્લ્ડકપમાં આ પ્રથમ મેડલ હતો.
– તેણે ૫૦ મીટર રાઇફલ થ્રી – પોઝિશનમાં આ મેડલ જીત્યો હતો.
– ભારતના આ સાથે ટૂર્નામેન્ટમાં આઠ મેડલ થયા જેમા ૩ ગોલ્ડ, ૧ સિલ્વર અને ૪ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે.

**(૪) ત્રિપુરા સી.એમ. – વિપ્લવકુમાર દેવ :**
– ત્રિપુરાના નવા મુખ્યપ્રધાન તરીકે વિપ્લવ કુમારે શપથ લીધા.
– આસામમાં આવેલ રાઇફલ્સના પરેડ ગ્રાઉન્ડમાં રાજ્યપાલ તથાગત રોયે વિપ્લવકુમારને શપથ લેવડાવ્યા હતા.
– આ ઉપરાંત રાજ્યના નાયબ મુખ્યપ્રધાન પદે જિષ્ણુ દેવ બર્મને શપથ લીધા હતા.

**(૫) પ્યારેલાલ વડાલી : ગાયક**
– પંજાબી સુફી ગીતોથી સમા બાંધનારા વડાલી બ્રધર્સના પ્યારેલાલ વડાલીનું અવસાન.
– તેમના તુ માને યા ના માને, હીર,યાદ પીયા દિલદારા જેવા ગીતો ખૂબ જ જાણીતા છે.
– વર્ષ ૧૯૯૨માં કેન્દ્ર સરકારે તેમને સંગીત નાટક એવોર્ડથી સન્માનીત કર્યા હતા.

**પ્રશ્નો :**
૧ ભારતમાં ઇચ્છામૃત્યુને મંજુરી આપતો કાયદો ક્યારે પસાર થયો ?
– ૧૦ માર્ચ ૨૦૧૮
૨ ઇચ્છા મૃત્યુનો અધિકાર આપનાર ભારત દુનિયાનો કેટલામો દેશ બન્યો ?
– ૨૨ મો
૩ વિન્ટર પેરા ઓલિમ્પીક –૨૦૧૮નું આયોજન કયાં થયું હતું ?
– સાઉથ કોરિયા (પ્યોંગચાંગ)
૪ વિન્ટર પેરાઓલિમ્પિક માં કુલ કેટલા દેશો ભાગ લેશે ?
– ૪૯
૫ અંજુમ મુદગિલનું કાર્યક્ષેત્ર જણાવો ?
– શુટર
૬ આઇએસએસએફ શુટીંગ વર્લ્ડકપ–૨૦૧૮ કયાં યોજાયો હતો ?
– મેક્સિકો
૭ ત્રિપુરાના નવા સી.એમ.નું નામ જણાવો ?
– વિપ્લવકુમાર દેવ
૮ ત્રિપુરાના રાજ્યપાલ જણાવો ?
– તથાગત રોય
૯ પ્યારેલાલ વડાલીનું કાર્યક્ષેત્ર જણાવો ?
– ગાયક

## 11.March 2018

**(૧) દુનિયાનો પ્રથમ પ્લાસ્ટિક ફ્રી કોરીડોર :**
– નેધરલેન્ડમાં દુનિયાનો પ્રથમ પ્લાસ્ટિક ફ્રી કોરીડોર ખૂલ્યો.
– વધતા જતા પ્લાસ્ટિકના ઉપયોગ વચ્ચે આ પગલાને પ્રદુષણ સામેના યુધ્ધની શરૂઆત કહેવાઇ રહી છે.
– નેધરલેન્ડના એમ્સટરડમ સ્થિત સુપર માર્કેટમાં આ કોરીડોરની શરૂઆત કરવામાં આવી છે. જેમા ૭૦૦ થી વધુ પ્લાસ્ટિક ફ્રી પ્રોડક્ટ રાખવામાં આવી છે.

Vivekanand Academy Gandhinagar

– કોરિડોરમાં ચોખા, સોસ, ડેરી પ્રોડક્ટ, અનાજ, શાકભાજી વગેરેમાં પ્લાસ્ટીક પેકીંગના બદલે બાયોગ્રિગેડેબલ પેકેજિંગ કરવામાં આવશે. જે સ્વાસ્થ્ય માટે પણ સારૂ રહેશે.

**(૨) સુરેશ પ્રભુ :**

– કેન્દ્રિય વાણિજ્ય તથા ઉદ્યોગમંત્રી સુરેશપ્રભુને નાગરિક ઉડ્ડયન મંત્રાલય સોંપાયું છે.
– તેઓ તેમનું વર્તમાન મંત્રાલય પણ સંભાળશે.
– રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે વડાપ્રધાન મોદીની સલાહના અધારે પ્રભુને નવો પદભાર સોંપ્યો છે.
– કેબિનેટથી ટીડીપીના અશોક ગજપતિ રાજુના રાજીનામાં બાદ આ પદભાર બદલાઇ ગયો છે.

**(૩) ભૈયાજી જોષી :**

– રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે ફરી એક વખત ભૈયાજી જોષીને સરકાર્યવાહ તરીકે પસંદ કર્યા.
– સરકાર્યવાહ આરએસએસમાં સંઘ પ્રમુખ બાદ બીજું સૌથી મોટું પદ છે.
– આર એસએસ દર ત્રણ વર્ષે તેમના સરકાર્યવાહની પસંદગી કરે છે.
– ભૈયાજી જોશી ૯ વર્ષથી સંઘના સરકાર્યવાહ છે તથા આ ચોથી વખત તેઓ સર્વસંમતીથી ચૂંટાઇ આવ્યા છે.
– આરએસએસના હાલના અધ્યક્ષ : મોહન ભાગવત
– આરએસઅસ હેડક્વાટર : નાગપુર
– આરએસએસની સ્થાપના : ૧૯૨૫માં કેશવ બલીરામ હેગડેવાર દ્વારા થઇ હતી.
– કેશવ બલીરામ હેગડેવાર ડોક્ટરજીના ઉપનામથી પણ જાણીતા છે.

**(૪) મોટી લોન લેનારા માટે સરકારે નિયમ કડક કર્યો :**

– બેન્કો પાસેથી મોટી લોન લઇને વિદેશ ભાગી જતા રોકવા માટે સરકારે કડક નિયમ બનાવ્યા.
– હવે, સરકારી બેન્કો પાસે ૫૦ કરોડથી વધુની લોન માગનારા માટે પાસપોર્ટની વિગતો આપવી ફરજીયાત છે.
– તથા જે લોકોએ ભારતીય બેન્કો પાસેથી ૫૦ કરોડથી વધુ લોન લીધેલી છે. તેમને ૪૫ દિવસમાં પાસપોર્ટની વિગતો બેન્કોને આપવી પડશે.
– નાણાંકીય સેવાઓના સચિવ રાજીવ કુમારે આ જાહેરાત કરી હતી.

**(૫) કેનેડાએ પહેલી વખત નોટ પર મહિલાનો ફોટો છાપ્યો :**

– કેનેડાની બેન્કે તાજેતરમાં ૧૦ ડોલરની નવી નોટ બહાર પાડી.
– આ નોટ પર વોઇલા ડેસમંડનો ફોટો છાપવામાં આવ્યો છે.
– આ સાથે કેનેડાના ચલણ પર પ્રથમ વખત કોઇ મહિલાનો ફોટો છાપવામાં આવ્યો છે.
– વોઇલાએ ૭૨ વર્ષ પહેલા કેનેડામાં રંગભેદ વિરૂદ્ધ આંદોલન કર્યું હતું.
– નોટ પર વોઇલા ડેસમંડનો ફોટો છાપવા ૨૬ હજાર લોકોએ મત આપ્યો હતો.

**(૬) પોલીયો રસીકરણ અભિયાન :**

– સમગ્ર રાજ્યમાં ૧૧ માર્ચના રોજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા પોલીયો રસીકરણ અભિયાન ચલાવવામાં આવ્યું.
– આ અભિયાન અંતર્ગત પાંચ વર્ષ સુધીના બાળકોને સરકારી પોલિયો બુથ પર રસીકરણ કરવામાં આવે છે જેથી બાળકને અપંગ થતુ બચાવી શકાય.
– વર્ષ ૨૦૦૭થી ગુજરાત પોલીયોમુક્ત બનેલ છે.
– રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રી : કિશોર કાનાણી

પ્રશ્નો :

૧ કયા રાષ્ટ્રમાં દુનિયાનો પ્રથમ પ્લાસ્ટિક ફ્રી કોરીડોર શરૂ થયો ?
– નેધરલેન્ડ
૨ ૧૧ માર્ચ, ૨૦૧૮ની સ્થિતિએ કેન્દ્રિય નાગરિક ઉડ્ડયન મંત્રી કોણ છે ?
– સુરેશ પ્રભુ
૩ સુરેશ પ્રભુ પાસે અન્ય કયું ખાતું છે ?
– વાણિજ્ય તથા ઉદ્યોગમંત્રી
૪ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે કોને સંઘના સરકાર્યવાહ નિમ્યા ?
– ભૈયાજી જોષી
૫ RSS નું હેડક્વાટર કયાં છે ?
– નાગપુર
૬ RSS ના સ્થાપક કોણ છે ?
– કેશવ બલીરામ હેગડેવાર
૭ હાલમાં RSS ના અધ્યક્ષ કોણ છે ?
– મોહન ભાગવત
૮ સરકારી બેન્કો પાસેથી કેટલા રૂપિયાથી વધુ લોન લેનારા ઉદ્યોગપતિઓ માટે પાસપોર્ટ વિગત ફરજીયાત કરવામાં આવી ?
– રૂ. ૫૦ કરોડ
૯ તાજેતરમાં કયાં રાષ્ટ્રની બેન્કે પ્રથમ વખત ચલણી નોટ પર મહિલાનો ફોટો મુક્યો ?
– કેનેડા
૧૦ તાજેતરમાં કેનેડાએ કઇ નોટ બહાર પાડી જેમા પ્રથમ વખત મહિલાનો ફોટો મુકવામાં આવ્યો ?
– ૧૦ ડોલર
૧૧ કેનેડાની સરકારે કઇ મહિલાનો પ્રથમ વખત ચલણી નોટ પર ફોટો મુક્યો ?
– વોઇલા ડેસમંડ
૧૨ ગુજરાતમાં કઇ તારીખે પોલિયો રસીકરણ અભિયાન ચલાવવામાં આવ્યું ?
– ૧૧ માર્ચ, ૨૦૧૮
૧૩ ગુજરાત કયા વર્ષથી પોલિયો મુક્ત રાજ્ય છે ?
– ૨૦૦૭

## 12.March 2018

**(૧) દાંડીકુચ દિવસ :**

– ૧૨ માર્ચ, ૧૯૩૦ના રોજ ગાંધીજીએ ૭૮ સાથીદારો સાથે અમદાવાદના સાબરમતી આશ્રમથી દાંડીયાત્રાની શરૂઆત કરી હતી.
– દાંડીમાં મીઠું ઉપાડી ગાંધીજી બોલ્યા હતા કે 'મૈને નમક કા કાનૂન તોડા હૈ...'
– ત્યારબાદ ભારતમાં અન્ય જગ્યાએ પણ મીઠાના કાયદાનો ભંગ થવા લાગ્યો.
– ત્યારબાદ વલસાડ જિલ્લાના કરાડી ગામેથી ગાંધીજીની ધરપકડ થઇ હતી.
– તથા સત્યાગ્રહનું મુખ્યમથક દાંડીથી બદલીને વલસાડનું ધરાસણા ગામ બન્યું હતું.

**(૨) દરિયાનું પાણી મીઠું કરવાનો પ્રથમ પ્લાન્ટ સૌરાષ્ટ્રમાં :**

– તાજેતરમાં ઇઝરાયલના વડાપ્રધાન ગુજરાત આવ્યા ત્યારે ગુજરાતને ખારા પાણીને મીઠું પાણી બનાવવાનો મોબાઇલ પ્લાન ભેટ આપ્યો હતો.
– રાજ્ય સરકાર ગુજરાતનો પ્રથમ પ્લાન્ટ જૂનાગઢના માળીયામાં નાખશે
– સફળ થયા બાદ બાકીના અન્ય પ્લાન્ટ ચાલુ કરવામાં આવશે.

**(૩) મધુબાલા : અભિનેત્રી**

– તાજેતરમાં અમેરિકાના એક પ્રમુખ અખબારે બોલીવુડની મહિલાઓની યાદીમાં સ્થાન આપ્યું.
– 'ન્યુયોર્ક ટાઇમ્સ' મધુબાલાની સરખામણી મર્લિન મુનરો સાથે કરી હતી.

**(૪) અખિલ શેરોન – શૂટીંગ :**

– ભારતના યુવા શૂટર અખિલ શેરોને મેક્સિકોના ગ્વાદલઝારામાં ચાલી રહેલા ISSF શૂટીંગ વર્લ્ડકપમાં ગોલ્ડ મેડલ જીત્યો.

Vivekanand Academy Gandhinagar

- અખિલ પુરૂષોની ૫૦ મીટર થ્રી પોઝિશન રાઇફલ ઇવેન્ટમાં ગોલ્ડમેડલ જીત્યો હતો.
- ૨૨ વર્ષિય અખિલ શેરોને કારકિર્દીમાં પ્રથમ વખત જ શૂટીંગ વર્લ્ડકપમાં ભાગ લેતા સફળતા હાંસલ કરી હતી.
- આ સાથે ભારત મેડલ ટેલીમાં ૪ ગોલ્ડ, ૧ સિલ્વર અને ૪ બ્રોન્ઝ એમ કુલ ૯ મેડલ સાથે પ્રથમ ક્રમ પર આવ્યું.
- આ અગાઉ ભારતની મનુ ભાકેરે ૧૦ મીટર એર પીસ્ટલ તથા મિક્સ ઇવેન્ટ ૧૦ મીટર એમ બે ગોલ્ડ મેડલ જીત્યા હતા.
- તથા શાહઝાર રિઝવીએ ૧૦ મીટર એર પીસ્ટલમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- ઉપરોક્ત ત્રણેય ગોલ્ડ મેડલ વિજેતા ભારતીય શૂટરો કારકીર્દિમાં પહેલી વખત શૂટિંગ વર્લ્ડકપમાં ભાગ લઇ રહ્યા છે.
- આમ ભારતે પ્રથમ વખત મેડલ ટેલીમાં ૯ મેડલ મેળવી ટોંચનું સ્થાન મેળવ્યું.

પ્રશ્નો :

૧ ૧૨ માર્ચના રોજ કયો દિવસ મનાવાય છે ?
- દાંડીકુચ દિવસ

૨ દાંડીયાત્રા દરમિયાન ક્યાં ગામેથી ગાંધીજીની ધરપકડ થઈ હતી ?
- કરાડી, વલસાડ

૩ દાંડીકુચ દરમિયાન સત્યાગ્રહનું મુખ્યમથક દાંડીથી બદલીને કયું ગામ રાખવામાં આવ્યું હતું ?
- ધરાસણા

૪ દરિયાનું પાણી મીઠું કરવાનો પ્રથમ પ્લાન્ટ ગુજરાતમાં ક્યાં શરૂ થશે ?
- જૂનાગઢના માળીયામાં

૫ દરિયાના ખારા પાણીને મીઠુ બનાવવા ક્યાં રાષ્ટ્ર દ્વારા ભારતને મોબાઇલ પ્લાન ભેટ આપવામાં આવ્યો હતો ?
- ઇઝરાયલ

૬ તાજેતરમાં અમેરિકાના 'ન્યુયોર્ક ટાઇમ્સ' અખબારે કઇ ભારતીય અભિનેત્રીને વિશ્વની ૧૫ તેજસ્વી મહીલાઓની યાદીમાં સ્થાન આપ્યું ?
- મધુબાલા

૭ અખીલ શેરોન કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા છે ?
- શુટીંગ

૮ મેક્સિકોમાં યોજાયેલ શુટીંગ વર્લ્ડકપમાં મેડલ ટેલીમાં ભારત કયાં ક્રમે હતું ?
- પ્રથમ

૯ મેક્સિકો શુટીંગ વર્લ્ડકપમાં ભારતને કેટલા મેડલ મળ્યા હતા ?
- ૯ (૪ ગોલ્ડ, ૧ સિલ્વર, ૪ બ્રોન્ઝ)

## 13.March 2018

### (૧) સુમતિ મોરારજી :

- ભારતના પ્રથમ મહિલા વહાણવટુ
- ફર્સ્ટ વુમન ઓફ ઇન્ડિયન શિપિંગ સુમતિ મોરારજીનો આજે જન્મદિવસ છે.
- મૂળ નામ : યમૂના
- માત્ર ૧૩ વર્ષની ઉમરે લગ્ન થઇ જતાં ૧૯૨૩માં પતિએ સ્થાપેલ સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપનીમાં મેનેજિંગ ડિરેક્ટર તરીકે જોડાયા
- આ નવાચારી મહિલાનું ૨૭ જૂન ૧૯૯૮ના રોજ ૮૯ વર્ષની વયે હૃદયની બિમારીથી અવસાન થયું હતું.

### (૨) રમણભાઇ નિલકંઠ :

- ગુજરાતના પ્રખ્યાત સાહિત્યકાર રમણભાઇ મહિપતરામ નિલકંઠની આજે ૧૫૦ મી જન્મજયંતિ છે.
- તેમનો જન્મ ૧૩ માર્ચ, ૧૮૬૮ના રોજ અમદાવાદમાં થયો હતો.
- ૧૯૧૫ થી ૧૯૨૦ દરમિયાન તેઓ અમદાવાદ મ્યુનિ. ના. પ્રમુખ રહ્યા હતા.
- રમણભાઇને સરદાર પટેલે સંપૂર્ણ સદ્ગૃહસ્થ તરીકે વર્ણવેલા.
- ગુજરાતમાં વિદ્વાનો છે, નીડર યોધ્ધાઓ છે, મુત્સદ્દીઓ છે પણ ગુજરાતનો એકમાત્ર સજ્જન રમણભાઇ જ' આવું ગાંધીજીએ રમણભાઇ માટે કહ્યું હતું.
- 'જ્ઞાન સુધા' સામાયિકના તંત્રી બન્યા હતા તથા આજીવન રહ્યા હતા.
- 'હાસ્યમંદિર' નામે તેમના નિબંધનો સંગ્રહ થયો છે.
- તેમની પ્રખ્યાત હાસ્ય નવલકથા 'ભદ્રંભદ્રં તથા 'રાઇનો પર્વત નામે નાટક પણ ખૂબ જ પ્રખ્યાત છે.

### (૩) માનસી જોષી : પેરા બેડમિન્ટન ખેલાડી :

- ભારતીય પેરા બેડમિન્ટન ખેલાડી માનસી જોશીએ સ્પેનિશ ઈન્ટરનેશનલ પેરા બેડમિન્ટન ટુર્નામેન્ટમાં એક ગોલ્ડ, એક સિલ્વર અને એક બ્રોન્ઝ એમ કુલ ૩ મેડલ જીત્યા.
- માનસીએ મહિલા સિંગલ્સની SL3 કેટેગરીમાં ગોલ્ડ મહિલા ડબલ્સની SL35U5 કેટેગરીમાં સિલ્વર અને મિક્સ ડબલ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.
- આ ઉપરાંત ભારતના પુરૂષ પેરા બેડમિન્ટન પ્લેયર સુકાંત દકમે પુરૂષ સિંગલ્સની SL4કેટેગરીમાં ગોલ્ડમેડલ જીત્યો હતો.
- સુકાંતે ફાઇનલમાં કોરિયાના ક્યુંગ વાન શિને પરાજય આપ્યો હતો.

### (૪) કાઠમંડુમાં વિમાન દુર્ઘટના :

- કાઠમંડુના ત્રિભુવન આંતરરાષ્ટ્રીય વિમાની મથક ખાતે લેન્ડિંગ વખતે વિમાને સંતુલન ખોતા દુર્ઘટના ઘટી હતી.
- આ વિમાન બાંગ્લાદેશથી એર લાઇનર કંપની યુએસ–બાંગ્લાનું હતું જેમા ૬૭ પ્રવાસી અને ૪ ક્રુ મેમ્બર હતા.
- આ વિમાન ઢાંકાથી ટેક ઓફ થયુ હતું.
- દુર્ઘટનામાં ૫૦ વ્યક્તિના મોત નિપજ્યા હતા. જ્યારે ૨૧ વ્યક્તિ ઘાયલ થયા છે.
- નેપાળ વડાપ્રધાન : કે.પી. શર્મા ઓલી

### (૫) WWW ને ૨૯ વર્ષ પુરા થયા :

- માર્ચ ૧૯૮૯માં ટિમ બર્નસલી અને રોબર્ટ સાઇલાઉએ સાથે મળીને WWW નો કોન્સેપ્ટ તૈયાર કર્યો હતો.
- આમ, વર્લ્ડ વાઇડ વેબ (WWW) ના ૨૯ વર્ષ પુરા થયાં અને ૩૦માં વર્ષે પ્રવેશ્યું.

### (૬) ટ્રાયથ્લોન વર્લ્ડકપ :

- સાઉથ આફ્રિકાના કેપટાઉન ખાતે વર્ડટ્રાયથ્લોનનું આયોજન થયું.
- ઇન્ટરનેશનલ ટ્રાયથ્લોન યુનિયન દ્વારા પ્રત્યેક વર્ષે ૧૮ વર્લ્ડકપ યોજાય છે જે ફેબ્રુઆરીથી શરૂ થઇને નવેમ્બરમાં પુરા થાય છે.
- કેપટાઉનમાં યોજાયેલ વર્લ્ડકપ પ્રથમ ઇવેન્ટ હતી.
- ટ્રાયથ્લોનમાં એથ્લેટને સ્વિમિંગ, સાઇક્લિંગ અને રનિંગ કરવી પડે છે.
- જેમાં સૌથી પહેલા ૭૫૦ મીટરનું સ્વિમિંગ ત્યારબાદ ૨૦ કિલોમીટરનું સાઇક્લિંગ અને છેલ્લે ૫ કિ.મી.નું રનિંગ કરવાનું હોય છે.
- સાઉથ આફ્રિકાના રિચાર્ડ મરે એ ૫૨ મિનિટ અને ૧૫ સેકન્ડમાં આ રેસ પૂર્ણ કરી ચેમ્પિયન બન્યો હતો.
- તથા વિમેન્સ વિભાગમાં હોલેન્ડે ૫૮ મિનિટ અને ૧૮ સેકન્ડ માં રેસ પૂર્ણ કરી ચેમ્પિયન રહી હતી.
- બંને કેટેગરીમાં ૪.૫ લાખ રૂપિયાની સમાન ઇનામી રાશી મળે છે.

### (૭) ભારત વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ :

- કેન્દ્રીય કૃષિ મંત્રી રાધામોહન સિંહના જણાવ્યા મુજબ છેલ્લા ત્રણ વર્ષમાં ભારતમાં દુધ ઉત્પાદનમાં ૨૦ ટકાનો વધારો થયો છે.
- તથા ભારત વિશ્વનો સૌથી મોટો દુધ ઉત્પાદક દેશ છે.

Vivekanand Academy Gandhinagar

- આ સાથે ભારતે છેલ્લા ૨૦ વર્ષથી દુનિયામાં સૌથી વધુ દુધનું ઉત્પાદન કરનાર દેશ તરીકે પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે.
- વર્ષ ૨૦૧૭માં ૧૬.૫૪ કરોડ ટન દૂધનું ઉત્પાદન થયું છે.

**(૮) સોમનાથ– ધોળાવીરા આઇકોનિક ડેસ્ટિનેશન :**

- ભારતના પ્રસિધ્ધ પ્રવાસન સ્થળો જેવા કે તાજમહલ, કુતુબમિનાર તેમજ અન્ય ૧૬ સ્થળોને આઇકોનિક ડેસ્ટિનેશન તરીકે વિકસાવાવમાં આવશે.
- કેન્દ્રના પ્રવાસન મંત્રી કે.જે. અલ્ફોન્સે જણાવ્યું હતું કે આ માટે ૨૦૧૮–૧૯માં ખાસ બજેટ ફાળવવામાં આવ્યું છે.
- મંત્રાલયની સ્વચ્છ દર્શન યોજના હેઠળ આ પ્રવાસન સ્થળોનો વિકાસ કરવામાં આવશે.
- ‘આઇકોનિક ડેસ્ટિનેશન પ્રોજેક્ટને સફળ બનાવવા સરકાર માળખાગત અને સ્કિલ ડેવલપમેન્ટ ટેકનોલોજી, ડેવલપમેન્ટ વગેરેમાં એક્સપર્ટની સલાહથી કાર્ય કરશે.
- આ યોજનામાં ગુજરાતના સોમનાથ અને ધોળાવીરાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

**(૯) મિસ ઇન્ટરનેશનલ ક્વીન :**

- તાજેતરમાં થાઇલેન્ડના પતાયામાં મિસ ઇન્ટરનેશનલ ક્વીન ૨૦૧૮ સ્પર્ધા યોજાઇ હતી.
- ફાઇનલમાં વિયેતનામની ગાયીકા ન્ગુયેન હૌંગ ગિઆંગે ૨૭ સુંદરીઓને હરાવી ખિતાબ જીત્યો હતો.

પ્રશ્નો :

૧ સમુતિ મોરારજીનું કાર્યક્ષેત્ર જણાવો
– વહાણ વટુ
૨ ભારતના પ્રથમ મહિલા વહાણવટું નું નામ જણાવો ?
– સુમતિ મોરારજી
૩ આ વર્ષે કયાં સાહિત્યકારની ૧૫૦મી જન્મજયંતિ ઉજવાઇ ?
– રમણભાઇ નિલંકઠ
૪ રમણભાઇ નીલકંઠનું ઉપનામ જણાવો ?
– મકરંદ
૫ રમણભાઇ નિલકંઠનું જન્મસ્થળ જણાવો ?
– અમદાવાદ
૬ રમણભાઇ નિલકંઠ કયા સામાયિકના તંત્રી બની આજીવન રહ્યા હતાં ?
– જ્ઞાન સુધા
૭ પ્રખ્યાત હાસ્ય નવલકથા ભદ્રંભદ્રં તથા રાઇનો પર્વતના રચયિતા કોણ છે ?
– રમણભાઇ નીલકંઠ
૮ માનસી જોશીનું કાર્યક્ષેત્ર જણાવો ?
– પેરા બેડમિન્ટન ખેલાડી
૯ માર્ચ ૨૦૧૮માં નેપાળના કયાં આંતરરાષ્ટ્રીય વિમાની મથકે દુર્ઘટના થઇ હતી ?
– ત્રિભુવન આંતરરાષ્ટ્રીય હવાઇ મથક
૧૦ WWW નું પુરનામ જણાવો
– વર્લ્ડ વાઇડ વેબ
૧૧ માર્ચ ૨૦૧૮માં WWW ને કેટલા વર્ષ પૂર્ણ થયા ?
– ૨૯
૧૨ WWW ની શોધ કોણે કરી હતી ?
– ટીમ બર્નેસ લી, રોબર્ટ સાઇલાઉ
૧૩ વિશ્વનો સૌથી મોટો દુધ ઉત્પાદક દેશ કયો છે ?
– ભારત
૧૪ કેન્દ્રિય કૃષિમંત્રી કોણ છે ?
– રાધામોહનસિંહ
૧૫ કેન્દ્ર સરકાર ગુજરાતના કયાં બે સ્થળને આઇકોનીક ડેસ્ટિનેશન તરીકે વિકસાવશે ?
– સોમનાથ – ધોળાવીરા
૧૬ મિસ ઇન્ટરનેશનલ વિજેતા ?
– ન્યુયેન હોંગ ગિયાંગ – વિયેતનામ
૧૭ મિસ ઇન્ટરનેશનલ –૨૦૧૮નું આયોજન કયાં થયું હતું ?
– થાઇલેન્ડ

## 14.March 2018

**(૧) આલમઆરા– પ્રથમ બોલતી ફિલ્મ :**

- ભારતની પ્રથમ બોલતી ફિલ્મ ‘આલમઆરા’ ૧૪ માર્ચના રોજ રિલિજ થઇ હતી.
- તેનું નિર્દેશન અર્દેશીર ઇરાનીએ કર્યું હતું.
- મુંબઇના મેજેસ્ટિક સિનેમામા આ ફિલ્મનો પ્રથમ શો ૧૪ માર્ચ, ૧૯૩૧ના રોજ થયો હતો.
- ફિલ્મના હિરોની મુખ્ય ભૂમિકા માસ્ટર વિઠ્ઠલે નિભાવી હતી. જ્યારે હિરોઇનની ભૂમિકા જૂબૈદાએ નિભાવી હતી.

**(૨) કોમનવેલ્થ ગેમ્સ માટે ભારતીય હોકી ટીમ જાહેર :**

- આગામી સમયમાં ઓસ્ટ્રેલિયાના ગોલ્ડ કોસ્ટમાં કોમનવેલ્થ ગેમ્સ–૨૦૧૮ યોજાશે.
- આ માટે ભારતીય હોકી ટીમની જાહેરાત કરવામાં આવી.
- ભારતીય મેન્સ ટીમ :
  કેપ્ટન – મનપ્રીત સિંઘ
  વાઇસકેપ્ટન – ચીન્ગલેન્સાના
  ગોલકીપર – પીઆર શ્રીજેશ
- ભારતીય મહિલા ટીમ :
  કેપ્ટન – રાની રામપાલ
  વાઇસ કેપ્ટન – સવિતા
  ગોલકીપર – સવિતા

**(૩) વિધ્યાદેવી ભંડારી :**

- નેપાળના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ વિદ્યાદેવી ભંડારી બીજી ટર્મ માટે પણ ચૂંટાયા
- તેમણે નેપાળી કોંગ્રેસના નેતા કુમારી લક્ષ્મીરાયને હરાવ્યા.
- ૨૦૧૫માં તેઓ નેપાળના પ્રથમ મહિલા પ્રમુખ બન્યા હતા.

**(૪) અફઘાનિસ્તાનમાં પોલિયો વિરૂધ્ધનું અભિયાન :**

- અફઘાનિસ્તાનમાં પોલિયો વિરૂદ્ધ અત્યાર સુધીનું સૌથી મોટું અભિયાન શરૂ થયું.
- ૪ દિવસમાં ૭૦૦૦ વર્કર્સ ૧ કરોડ બાળકોને પોલિયોની રસી પીવડાવાશે જેમાં ૧૦ ટકા મહિલા કર્મચારી છે.
- વિશ્વમાં પોલીયોના કેસ માત્ર પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને નાઇજિરિયામાં છે.

**(૫) બેગમ હમીદા હબીદુલ્લા :**

- દેશમાં મહિલા સશક્તિકરણની શરૂઆત કરનાર મહિલા તરીકેની ઓળખ ધરાવતા બેગમ હમીદા હબીદુલ્લાનું ૧૦૨ વર્ષની વયે અવસાન.
- તેઓ લખનઉની અવધ ગર્લ્સ ડિગ્રી કોલેજના અધ્યક્ષ તથા ‘સેવા’ એનજીઓના અધ્યક્ષપદે રહ્યા હતા.
- તેઓ ઉત્તરપ્રદેશના બારાબંકીથી ધારાસભ્ય બન્યા હતા. તથા ૧૯૭૧ થી ૧૯૭૩ સુધી ઉત્તરપ્રદેશ સરકારમાં સામાજિક અને હરિજન કલ્યાણ મંત્રી રહ્યા હતા.
- તેઓ ૧૯૭૬ થી ૧૯૮૨ સુધી રાજયસભાના સાંસદ પણ રહ્યા હતા.

**(૬) ફ્રાંસ પ્રમુખની ભારત યાત્રા :**

- ફ્રાંસના પ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોન ભારતની ચાર દિવસીય રાજકીય યાત્રાએ આવ્યા.
- ભારત અને ફ્રાંસ વચ્ચે ૧૬ અબજ ડોલરના વિવિધ ૧૪ કરાર થયા.
- મેક્રોએ દિલ્હી ખાતે ગાંધીજીની સમાધી ‘રાજઘાટ’ ની પણ મુલાકાત લીધી હતી.
- બંને દેશો નેવલબેઝનો પારસ્પરિક ઉપયોગ કરશે

**ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ સમિટ :**

- ભારત અને ફ્રાંસના સંયુક્ત ઉપક્રમે પ્રથમ ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ સમિટનું આયોજન થયું.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ ભવન ખાતે આ સમિટનું ઉદ્‌ઘાટન કર્યું.

Vivekanand Academy Gandhinagar

- આ સમિટમાં ફ્રાંસના પ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોન સહીત ૨૩ દેશોના વડા, ૧૦ દેશોના પ્રધાન અને ૧૨૧ દેશોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.
- ઓક્ટોબર–૨૦૧૫માં ભારત ફ્રાંસે મળીને ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA) ની રચના કરી હતી.
- બે વર્ષમાં આ સંગઠન સાથે અત્યાર સુધી ૬૧ સંગઠન જોડાઇ ગયા છે.
- ફ્રાંસ ૨૦૨૨ સુધી ISA ને ૫૬૦૦ કરોડ રૂપિયાનું ફંડ આપશે.
- આ ફંડથી ૨૦૩૦ સુધીમાં ૧૦૦૦ ગીગાવોટ વિજળી ઉત્પાદન કરવાનું લક્ષ્ય છે.
- આ વિજળીની કુલ કિંમત આશરે ૬૫ લાખ કરોડ હશે.
- આ સંગઠનની રચના સમયે ફ્રાંસે ૨૪૦૦ કરોડ આપવાની જાહેરાત કરી હતી, આમ ફ્રાંસ આ પ્રોજેક્ટમાં કુલ ૮૦૦૦ કરોડ આપશે.
- ભારત વર્ષ ૨૦૨૨ સુધીમાં ૧૦૦ ગીગાવોટ વિજળી ઉત્પાદન કરશે.
- ISA માં ૧૨૧ દેશ સામેલ છે. તેમાથી ૮૦ ટકા દેશ કર્કવૃત્ત અને મકરવૃત્ત વચ્ચેના છે જે સૂર્યની સૌથી નજીક છે.
- ઓક્ટોબર, ૨૦૧૫માં અમેરિકાએ પેરિસ જળવાયુ સંમેલનમાં હસ્તાક્ષર કર્યા ન હતા ત્યારે ભારત અને ફ્રાંસે પેરિસમાં ISA ની રચના કરી હતી.
- ૨૦૧૬માં ફ્રાંસના એ વખતના પ્રમુખ ફ્રાંસવા ઓલાંદેએ ISA આ હેડક્વાટરનો ગુડગાંવમાં પાયો નાખ્યો હતો.
- ભારત ફ્રાંસના સહયોગથી મહારાષ્ટ્રના જૈતાપુરમાં દુનિયાનો સૌથી મોટો ન્યુક્લિયર પાવર પ્લાન્ટ બનાવશે જ્યાં ૯.૬ ગીગાવોટ વિજળી ઉત્પન્ન થશે.
- આ ઉપરાંત મિરઝાપુરનો સોલાર પાવર પ્લાન્ટ યુપીનો સૌથી મોટો સોલાર પ્લાન્ટ છે તે પણ ફ્રાંસના સહયોગથી નિર્માણ પામ્યો છે.
- આ સોલાર પ્લાન ૩૮૨ એકરમાં ફેલાયેલો છે જેમા રોજની ૫ લાખ યુનિટનું વિજળી ઉત્પાદન થશે.

**મેક્રોનની વારાણસી મુલાકાત :**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેક્રોનને પોતાના મતવિસ્તાર વારાણસીની મુલાકાત કરાવી હતી.
- તેઓએ અસ્સીઘાટથી નૌકા દ્વારા ૩ કિમી દુર આવેલા દેશાશ્વમેઘઘાટ ૨૦ મિનિટમાં પહોચ્યા હતા.
- મેક્રોન વારાણસીની મુલાકાત લેનાર જાપાન પી.એમ. આબે બાદ બીજા રાષ્ટ્રધ્યક્ષ છે.

પ્રશ્નો :

૧ ભારતની પ્રથમ બોલતી ફિલ્મ કઇ છે ?
- આલમઆરા

૨ આલમઆરા ફિલ્મનું નિર્દેશન કોણે કર્યું હતું ?
- આર્દેશીર ઇરાની

૩ કોમનવેલ્થ ગેમ્સ – ૨૦૧૮નું આયોજન કયાં થશે ?
- ઓસ્ટ્રેલિયા

૪ કોમનવેલ્થ ગેમ્સ –૨૦૧૮માં ભારતીય મહિલા હોકી ટીમના કેપ્ટન કોણ હશે ?
- રાની રામપાલ

૫ કોમનવેલ્થ ગેમ્સ –૨૦૧૮માં ભારતીય મેન્સ હોકી ટીમના કેપ્ટન કોણ હશે ?
- મનપ્રીતસિંઘ

૬ તાજેતરમાં નેપાળના રાષ્ટ્રપતિ પદે કોણ ચૂંટાઇ આવ્યું ?
- વિદ્યાદેવી ભંડારી

૭ માર્ચ – ૨૦૧૮માં વિશ્વના કયાં રાષ્ટ્રમાં પોલિયો વિરૂદ્ધનું મોટું અભિયાન ચલાવવામાં આવ્યું ?
- અફઘાનિસ્તાન

૮ માર્ચ –૨૦૧૮માં કયાં સમાજસેવિકાનું અવસાન થયું જેમણે દેશમાં મહિલા સશક્તિકરણની શરૂઆત કરી હતી ?
- બેગમ હમીદા હબીબુલ્લા

૯ બેગમ હમીદા હબીબુલ્લા કયાં ક્ષેત્રના ધારાસભ્ય હતા ?
- ઉત્તપ્રદેશના બારાબંકી

## 15.March 2018

**(૧) વિશ્વ ગ્રાહક દિન :**

**(૨) સ્ટીફન હોકિંગ :**

- મહાન વિજ્ઞાની સ્ટીફન હોકિંગનું અવસાન.
- ૮ જાન્યુઆરી, ૧૯૪૨ના રોજ ઇંગ્લેન્ડના ઓક્સફર્ડમાં તેમનો જન્મ થયો હતો.
- માત્ર ૨૧ વર્ષની વયે તેઓ ‘મોટર ન્યુરોન ડિસીઝ’ બિમારીનો ભોગ બન્યા.
- તેઓ આઇન્સ્ટાઇન બાદ ભૌતિકશાસ્ત્રના સૌથી મોંટા વિજ્ઞાનીમાં સ્થાન પામ્યા છે.
- રોજર પેનરોઝ અને હોકિંગે બ્લેકહોલ પર રિસર્ચ કર્યું હતું.
- તેમને ગણિતમાં પણ ખૂબ જ રૂચી હતી અને યોગાનુયોગ તેમનું અવસાન પણ માર્ચ મહિનાની ૧૪ મી તારીખ એટલે કે પાઇ ડે ના દિવસે થયું હતું. તેઓ તેમના પુસ્તક ‘અ બ્રીફ હિસ્ટ્રી ઓફ ટાઇમ ફ્રોમ ધ બિગ બેન્ગ ટુ બ્લેક હોલ્સ’ થી ખૂબ જ ચર્ચામાં આવ્યા હતા. તથા તે પુસ્તકની ૧ કરોડ કરતા વધારે નકલો વેચાઇ હતી.
- વર્ષ ૨૦૦૧ માં તેઓ ભારતના પ્રવાસે આવ્યા હતા ત્યારે તત્કાલીન રાષ્ટ્રપતિ કે આર. નારાયણની મુલાકાત લીધી હતી.
- તેમના અન્ય પુસ્તકો :
  ધ ગ્રાન્ડ ડિઝાઇન, યુનિવર્સ ઇન નેટશેલ
  માય બ્રિફ હિસ્ટ્રી, ધ થીયરી ઓફ એવરીથીંગ
- વર્ષ ૨૦૧૪માં તેમના જીવન પર ધ થીયર ઓફ એવરીથીંગ નામની ફિલ્મ બની હતી જેમા એડી રેડમેને હોકિંગનું પાત્ર ભજવ્યું હતું.
- ગુજરાતી વિજ્ઞાની ડૉ. પંકજ જોશીના બ્લેક હોલ સંશોધનમાં હોકીંગે સહાય કરી હતી અને ડૉ. જોશીને ૧૯૮૩માં કેમ્બ્રિજ યુનિવર્સિટી બોલાવ્યા હતા.

**(૩) ‘ધી કિંગ ઓફ ધી ડાર્ક ચેમ્બર’ રવિન્દ્રનાથ ટાગોર**

- નોબેલ પારિતોષિક વિજેતા રવિન્દ્રનાથ ટાગોરના હસ્તાક્ષર વાળું પુસ્તક ‘ધી કિંગ ઓફ ધી ડાર્ક ચેમ્બર’ અમેરિકામાં ૪૫ હજાર રૂપિયામાં વેચાયું.
- આ પુસ્તક તેમના બાંગ્લા નાટક ‘રાજા’ નું અંગ્રેજી અનુવાદ છે.
- ધી મેકમિલન કંપનીએ ૧૯૧૬માં પુસ્તકનનું બોલપુરથી સંસ્કરણ પ્રકાશિત કર્યું હતું.
- આ નાટક એક જાદુઇ, ન જોયેલા અંતર્યામી રાજા પર આધારિત છે.

**(૪) એન્જેલા મર્કેલ – જર્મની ચાન્સેલર :**

- એન્જેલા મર્કેલ જર્મનીના ચોથી વખત ચાન્સેલર બન્યા.
- જર્મનીમાં ફેડરલ ચૂંટણી લગભગ ૬ મહિના અગાઉ યોજાઇ હતી પરંતુ કોઇ એક પાર્ટીની પૂર્ણ બહુમતી ન મળતા સરકારની રચના થઇ શકી ન હતી.
- ૬ મહિના બાદ સોશિયલ ડેમોક્રેટિક પાર્ટીના સભ્યોની ગંઠબંધનની મંજુરી મળ્યા બાદ તેઓ ચોથી વખત ચાન્સેલર બન્યા.
- જર્મનીના નીચલા ગૃહ બુંડેસ્ટાગમાં મર્કેલને ૭૦૯માંથી ૩૬૪ વોટ મળ્યા હતા જે જરૂરી ૫૦ ટકાથી ૯ વોટ વધારે હતા.

**(૫) ભારતનો GDP વર્ષ ૨૦૧૮–૧૯માં ૭.૩ ટકા રહેશે. – વર્લ્ડ બેંક :**

- તાજેતરમાં વર્લ્ડ બેંક વર્ષ ૨૦૧૮–૧૯માં ભારતનો જીડીપી ૭.૩ ટકા તથા વર્ષ ૨૦૧૯–૨૦માં ૭.૫ ટકા રહેવાનો અંદાજ આપ્યો છે.
- વર્લ્ડ બેંકના ‘ઇન્ડિયા ડેવલપમેન્ટ અપડેટ’ નામની જાહેર કરાયેલા રીપોર્ટમાં વર્ષ ૨૦૧૭–૧૮માં ૬.૭% વૃદધ્ધીદર રહેવાનો અંદાજ આપ્યો છે.

**(૬) નરેન્દ્ર ઝા : અભિનેતા**

- બોલીવુડ અભિનેતા નરેન્દ્ર ઝાનું અવસાન.

Vivekanand Academy Gandhinagar

- 'રઇસ', કાબિલ, ઘાયલ વન્સ અગેઇન, ફોર્સ–૨, હમારી અધુરી કહાની જેવી ફિલ્મોમાં પોતાની દમદાર ભૂમિકાઓ ભજવી છે.
- તેમણે પૌરાણિક ટીવી સિરિયલ રાવણમાં લીડ રોલ કર્યો હતો.

**(૭) ગુગલ મેપમાં હવે ગુજરાતીમાં પણ વોઇસ નેવીગેશન :**

- ગુગલે ભારતમાં ગુજરાતી તથા અન્ય પાંચ ભાષાઓમાં વોઇસ નેવીગેશન મળે તે સુવિધા આપી છે.
- અત્યાર સુધી નેવિગેશન અંગ્રેજી અને હિન્દીમાં સંભળાતું હતું.
- એ સિવાય યુઝર્સ પોતે નજીકના લેન્ડમાર્ક પોતે એડ કરી શકે તેવું ફિચર ઉમેરવામાં આવશે.
- ગુગલ મેપ ગુજરાતી ઉપરાંત બંગાળી, કન્નડ, તેલુગુ, તમિલ, મલયાલમ જેવી અન્ય પ્રાદેશિક ભાષાઓમાં પણ નેવિગેટ કરશે.

**(૮) પ્રજ્ઞા મોહન : એથ્લેટ**

- વિશાખાપટ્ટનમ ખાતે યોજાયેલ સિનિયર નેશનલ ટ્રાયથ્લોન ચેમ્પિયનશીપમાં ગુજરાતની પ્રજ્ઞા મોહને સિલ્વર મેડલ જીત્યો.
- ટ્રાયથ્લોનમાં એથ્લેટે સ્વિમિંગ, સાઇક્લિંગ અને રનિંગ કરવાનું હોય છે.
- બીજા સ્થાને રહેતા પ્રજ્ઞા ૨૦૧૮ ઇન્ટરનેશનલ ઇવેન્ટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

પ્રશ્નો :

૧ ૧૫ માર્ચના દિવસે કયો આંતરરાષ્ટ્રીય દિવસ મનાવાય છે ?
– વિશ્વ ગ્રાહક દિન
૨ ૧૪ માર્ચ –૨૦૧૮ના રોજ કયા મહાન વૈજ્ઞાનિકનું અવસાન થયું ?
– સ્ટિફન હોકિંગ
૩ સ્ટિફન હોકિંગ કઇ બિમારીથી પિડિત હતા ?
– મોટર ન્યુરોન ડિસીઝ
૪ સ્ટિફન હોકીંગ વર્ષ ૨૦૦૧માં ભારત પ્રવાસે આવ્યા ત્યારે ભારતના રાષ્ટ્રપતિ કોણ હતા ?
– કે.આર. નારાયણ
૫ વર્ષ ૨૦૧૪માં સ્ટીફન હોકિંગના જીવન પર કઇ ફીલ્મ બની હતી ?
– ધ થીયરી ઓફ એવરીથીંગ
૬ સ્ટીફન હોકિંગના કયાં પુસ્તકની ૧ કરોડથી વધુ નકલ વેચાઇ હતી ?
– અ બ્રિફ હિસ્ટ્રી ઓફ ટાઇમ ફ્રોમ ધ બિગ બેન્ડ ટુ બ્લેક હોલ્સ
૭ ધી કિંગ ઓફ ધી ડાર્ક ચેમ્બર પુસ્તકના રચયિતા કોણ છે ?
– રવિન્દ્રનાથ ટાગોર
૮ જર્મનીના ચાન્સેલર કોણ બન્યા ?
– એન્જેલા મર્કેલ
૯ વર્લ્ડ બેંક મુજબ વર્ષ ૨૦૧૮–૧૯માં ભારતનો જીડીપી કેટલો રહેશે ?
– ૭.૩%
૧૦ માર્ચ ૨૦૧૮માં કયાં બોલિવુડ અભિનેતાનું અવસાન થયું ?
– નરેન્દ્ર ઝા
૧૧ તાજેતરમાં વિશાખાપટ્ટનમ્ ખાતે યોજાયેલ સિનિયર નેશનલ ટ્રાયથ્લોન ચેમ્પિયનશીપમાં કઇ ગુજરાતી એથ્લીટે સિલ્વર મેડલ જીત્યા ?
– પ્રજ્ઞા મોહન

## 16.March 2018

**(૧) વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ :**

- આ રિપોર્ટ કયાં દેશના લોકો સૌથી વધારે સુખી છે. તેની યાદી તૈયાર કરવામાં આવે છે.
- આ અહેવાલ યુનાઇટેડ નેશન્સના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન નેટવર્ક દ્વારા તૈયાર કરવામાં આવે છે.
- આ અહેવાલ મુજબ વિશ્વના ૧૫૬ દેશની યાદીમાં ભારત ૧૩૩માં સ્થાને પહોંચ્યુ, જે ૨૦૧૭ની યાદી મુજબ ૧૧ ક્રમ પાછળ પહોચ્યું છે.
- આ અહેવાલ મુજબ પ્રથમ ફિનલેન્ડ, બીજા ક્રમે નોર્વે અને ત્રીજા સ્થાને ડેનમાર્ક આવે છે.

**(૨) સંજીવની જાધવ : એથ્લીટ :**

- તાજેતરમાં ૧૪ મી એશિયન ક્રોસ કન્ટ્રી ચેમ્પિયનશીપ ચીન ખાતે યોજાઇ.
- આ ચેમ્પિયનશીપમાં ભારતની લોંગ ડિસ્ટન્સ એથ્લીટ સંજીવની જાધવે બ્રોન્ઝ મેડલ જીત્યો.
- સંજીવનીએ ૨૮ મિનિટ અને ૧૯ સેકન્ડનો સમય લઇ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.
- આ ચેમ્પિયનશીપમાં પ્રથમ ચીનની લીડાન અને દ્વિતિય ક્રમે જાપાનની એબે ચુકારી હતા.

**(૨) વસીમ જાફર – ક્રિકેટર :**

- ઇરાની ટ્રોફીમાં વિદર્ભ તરફથી બેવડી સદી ફટકારી ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૪૦ વર્ષથી વધુ વયે બેવડી સદી નોંધાવનાર વસીમ જાફર પાંચમો ખેલાડી બન્યો.
- આ મેચ વિદર્ભ અને રેસ્ટ ઓફ ઇન્ડિયા ટીમ વચ્ચે યોજાઇ હતી.
- દર વર્ષે રણજી ટ્રોફી વિજેતા ટીમ અને રેસ્ટ ઓફ ઇન્ડિયા ટીમ વચ્ચે એક ટેસ્ટમેચ યોજાય છે જે ઇરાની ટ્રોફી તરીકે ઓળખાય છે.
- વર્ષ ૨૦૧૭–૧૮ રણજી ટ્રોફી ચેમ્પિયન વિદર્ભ ટીમ હતી.
- તથા ૨૦૧૭–૧૮ ઇરાની ટ્રોફીમાં પણ વિદર્ભ ચેમ્પિયન રહ્યું.
- આ મેચ વિદર્ભ ક્રિકેટ એસોસીએશન, નાગપુર, ખાતે યોજાઇ હતી.
- મેન ઓફ ધ મેચ : વસીમ જાફર
- વિદર્ભ કેપ્ટન : ફૈઝ ફઝલ
- રેસ્ટ ઓફ ઇન્ડિયા કેપ્ટન : કરૂણ નાયર
- ઇરાની ટ્રોફીની આ ૫૬મી સીઝન હતી.

પ્રશ્ન :

૧ સંજીવની જાધવે તાજેતરમાં કઇ ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો ?
– એશિયન ક્રોસ કન્ટ્રી ચેમ્પિયનશીપ
૨ એશિયન ક્રોસ કન્ટ્રી ચેમ્પિયનશીપ –૨૦૧૮ નું આયોજન કયા દેશ માં થયું હતું ?
– ચીન
૩ વસીમ જાફર કઈ રમત સાથે સંકળાયેલ છે ?
– ક્રિકેટ
૪ ૨૦૧૭–૨૦૧૮ રણજી ટ્રોફી ચેમ્પિયન ટીમ નું નામ ?
– વિદર્ભ ટીમ
૫ વિદર્ભ ટીમ કેપ્ટનનું નામ જણાવો ?
– ફૈઝ ફુઝલ
૬ વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટમાં પ્રથમ સ્થાને કયો દેશ છે ?
– ફિન લેન્ડ
૭ વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ અનુસાર ભારતનું સ્થાન જણાવો ?
– ૧૩૩ મું

## 17.March 2018

**(૧) મુકેશ અંબાણીને લંડનમાં એવોર્ડથી સન્માનીત કરાયા :**

- તાજેતરમાં લંડન ખાતે ફાઇનાન્સિયલ ટાઇમ્સ આર્સેલર મિત્તલ બોલ્નેસ ઇન બિઝનેસ એવોર્ડ સમારોહ યોજાયો.
- આ વર્ષે તેની ૧૦ મી વર્ષગાંઠ હતી.
- આ એવોર્ડ સમારોહમાં રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણીને ડ્રાઇવર્સ ઓફ ચેન્જનો એવોર્ડ એનાયત થયો હતો.
- આ એવોર્ડ તેમને હાઇડ્રોકાર્બન સંશોધન, પેટ્રોરસાયણ, રીટેલ તથા ૪જી ડિજિટલ સેવાઓ માટે મળ્યો હતો.

**(૨) કર્મયોગી – પુસ્તક વિમોચન :**

Vivekanand Academy Gandhinagar

- ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલની આત્મકથા
- તાજેતરમાં આ પુસ્તકનું વિમોચન અમદાવાદના ટાગોર હોલ ખાતે કરવામાં આવ્યું.
- આ વિમોચન સમારોહમાં રાજ્યપાલ, ઓ.પી. કોહલી મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી, ભાઇશ્રી રમેશભાઇ ઓઝા, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ તથા જય વસાવડા ઉપસ્થિત રહ્યા હતા.

**(૩) પ્રધાનમંત્રી રોજગાર પ્રોત્સાહન યોજના :**

- કેન્દ્ર સરકાર દ્વારા મહત્વની યોજના લોન્ચ કરાઇ જેમાં કામદારોની આવતીકાલ બહેતર બને તથા નોકરી આપનાર દાતાઓને પણ લાભ થાય.
- આ યોજના અંતર્ગત નવા કર્મચારીઓને સામાજિક સુરક્ષા અને સુરક્ષીત રોજગારનો અહેસાસ તથા રોજગાર દાતાઓને આર્થિક બોજમાં રાહત મળશે.

યોજનાના મહત્વના અંશો :

- નવા કર્મચારીઓ માટે ભવિષ્ય નિધિ યોજનાનો ૮.૩૩% ફાળો સરકાર દ્વારા અપાશે.
- કાપડ ઉધ્યોગના પસંદગીના ક્ષેત્રોમાં નોકરી દાતાનો સંપૂર્ણ ૧૨% ફાળો સરકાર દ્વારા અપાશે.
- રૂા. ૧૫૦૦૦ સુધી માસિક પગાર મેળવનાર તમામ નવા કર્મચારીઓને યોજનાનો લાભ મળશે.
- વેબસાઇટ : www.pmrpy.gov.in
- ઓનલાઇન અને આધાર નંબર સાથે યોજનામાં સરળતાથી રજીસ્ટ્રેશન થઈ શકે છે.

(૪) સિનિયર નેશનલ ટ્રાયથ્લોન :

- આ ચેમ્પિયનશીપનું આયોજન આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ્ ખાતે થયું હતું.
- જેમાં પ્રથમ ૧.૫ કિ.મી. સ્વમીંગ ત્યારબાદ ૪૦ કિ.મી. સાઇક્લીંગ અને છેલ્લે ૧૦ કિમી દોડવાનું હોય છે.
- આ ચેમ્પિયનશીપમાં ગુજરાતની બે એથ્લીટને મેડલ મળ્યા છે જે નીચે મુજબ છે.

| ક્રમ | નામ | મેડલ | સમય |
|---|---|---|---|
| ૧ | પ્રજ્ઞા મોહન | સિલ્વર મેડલ | ૨:૩૨:૧૨ |
| ૨ | મોનીકા નાગપુરે | બ્રોન્જ મેડલ | ૨:૩૬:૩૫ |

- ગોવાની સમિરા અબ્રાહમને ગોલ્ડ મેડલ મળ્યો હતો.

પ્રશ્નો :

૧ તાજેતરમાં મુકેશ અંબાણીને ‘ડ્રાઇવર્સ ઓફ ચેન્જ’ એવોર્ડ કયાં એનાયત થયો ?
- લંડન

૨ ગુજરાતનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી નું નામ જણાવો ?
- આનંદીબેન પટેલ

૩ ‘કર્મયાત્રી’ કોની આત્મકથા છે ?
- આનંદીબેન પટેલ

૪ પ્રધાનમંત્રી રોજગાર પ્રોત્સાહન યોજનાની વેબસાઇટ જણાવો ?
- www. pmrpy.gov.in

૫ સિનિયર નેશનલ ટ્રાયથ્લોન ચેમ્પિયનશીપ – ૨૦૧૮નું આયોજન કયા થયું હતું ?
- આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ્

૬ સિનિયર નેશનલ ટ્રાયથ્લોન ચેમ્પિયનશીપમાં પ્રજ્ઞા મોહનને કયો મેડલ મળ્યો ?
- સિલ્વર

૭ સિનિયર નેશનલ ટ્રાયથ્લોન ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ જીતનાર કોણ છે ?
- સમિરા અબ્રાહમ

૮ સમિરા અબ્રાહમ કયાંના વતની છે ?
- ગોવા

## 18. March 2018

**(૧) નેપાળને વન–ડે ક્રિકેટ દરજ્જો :**

- આઇસીસી એ નેપાળને વન–ડે ક્રિકેટનો દરજ્જો આપ્યો.
- નેપાળે આઇસીસી ક્રિકેટ વર્લ્ડકપ ક્વોલીફાયરમાં પાપુઆ ન્યુ ગીનીને હરાવી આ સિધ્ધી હાંસલ કરી.
- ઇતિહાસમાં પ્રથમ વખત નેપાળને વન–ડે ક્રિકેટનો દરજ્જો આપવામાં આવ્યો છે.

**(૨) સરકારે આવક મર્યાદામાં વધારો કર્યો :**

- સરકાર દ્વારા ગરીબો માટે અનેક પ્રકારની સહાયની યોજનાઓ હોય છે.
- આ યોજનાઓનો લાભ લેવા ગ્રામ્ય વિસ્તારમાં આવક મર્યાદા ૪૭ હજાર હતી જે હવે વધારીને ૧.૨૦ લાખ કરવામાં આવી છે.
- તથા શહેરી વિસ્તારમાં ૬૮૦૦૦ હતી જે હવે વધારીને ૧.૫૦ લાખ કરવામાં આવી છે.

**(૩) સોનિયા આહુજા :**

- ફેસબુકના સીઇઓ માર્ક ઝુકરબર્ગ ફેસબુકના ‘સિક્રેટ પોલીસ’ તરીકે ભારતીય મૂળના સોનિયા આહુજાની નિમણૂંક કરી.
- આ નિર્ણય તેમને ફેસબુકની સાપ્તાહિક બેઠકની ગુપ્ત માહિતી પ્રેસમાં લીક થતા લીધો હતો.

**(૪) વિશ્વના સૌથી મોંઘા શહેર :**

- તાજેતરમાં ઇકોનોમિસ્ટ ઇન્ટેલિજન્સ યુનિટ દ્વારા ‘કોપ્સ્ટ ઓફ લિવિંગ’ રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો.
- આ રિપોર્ટમાં વિશ્વના સૌથી મોંઘા શહેરની યાદી છે.
- આ યાદી મુજબ વિશ્વનું સૌથી મોઘું શહેર સિંગાપોર છે.
- ભારતનું નવી દિલ્હી આ યાદીમાં ૧૨૪માં ક્રમે આવે છે.
- દુનિયાના ટોપ–૫ મોંઘા શહેરોની યાદી :

(૧) સિંગાપોર
(૨) પેરિસ (ફ્રાન્સ)
(૩) ઝયુરિક (સ્વિત્ઝર્લેન્ડ)
(૪) હોંગકોંગ
(૫) ઓસ્લો (નોર્વે)

**(૫) કૃષિકર્મણ એવોર્ડ :**

- કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૫–૧૬ માટે મધ્યપ્રદેશને કૃષિકર્મણ પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યું.
- આ એવોર્ડ દર વર્ષે અપાય છે. જે આ વર્ષે પણ મધ્યપ્રદેશે જાળવી રાખ્યો.
- આ પુરસ્કારમાં પ્રશસ્તિપત્ર, ટ્રોફી, અને બે કરોડની પુરસ્કાર રકમ આપવામાં આવે છે.
- મધ્યપ્રદેશ મુખ્યમંત્રી : શિવરાજસિંહ ચૌહાણ

**(૬) એસ. મુરલી ક્રિષ્ના ઉ**

- ગુજરાતના ચીફ ઇલેક્ટોરલ ઓફીસર તરીકે એસ. મુરલી ક્રિષ્ણાની નિમણૂંક કરવામાં આવી.
- તેઓ હવે બી.બી. સ્વૈનનું સ્થાન લેશે.
- એસ.મુરલી ક્રિષ્ણા ૧૯૯૮ બેચના આઇએએસ અધિકારી છે.
- ગુજરાતમાં ચીફ ઇલેક્ટોરલ ઓફીસર એટલે કેન્દ્રીય ચુંટણી પંચના ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી.

**(૭) કોંગ્રેસનું ૮૪ મું મહાઅધિવેશન :**

- નવી દિલ્હી ખાતે કોંગ્રેસનું ૮૪મું મહાઅધિવેશન શરૂ થયું.
- ૮૪માં અધિવેશનના અધ્યક્ષ તરીકે રાહુલ ગાંધી હતા.
- કોંગ્રેસનું પ્રથમ અધિવેશન ૧૮૮૫માં મુંબઇમાં થયું હતું.
- પ્રથમ અધિવેશનના અધ્યક્ષ વ્યોમેશચંદ્ર બેનરજી હતા.
- કોંગ્રેસની સ્થાપના એ.ઓ.હ્યુમે કરી હતી.
- આ વખતની થીમ ‘સમય છે પરિવર્તનનો’

**(૮) શી જિનપિંગ – ચીન રાષ્ટ્રપતિ :**

- ચીનની સંસદ નેશનલ પીપલ્સ કોંગ્રેસે શી જિનપીંગને રાષ્ટ્રપતિ તરીકે વરણી કરી.
- તથા ઉપરાષ્ટ્રપતિ તરીકે વાંગકિશાનની વરણી કરવામાં આવી.
- જિનપીંગ કેન્દ્રીય સૈન્ય પંચના અધ્યક્ષ, સશસ્ત્ર સેનાઓના સર્વોચ્ચ કમાન્ડરની સાથે સીપીસીના મહામંત્રી છે.

Vivekanand Academy Gandhinagar

– તેઓ દેશના સર્વોચ્ચ ત્રણ પદ સંભાળશે.

પ્રશ્નો :

૧ તાજેતરમાં આઇસીસી દ્વારા કયા દેશને વન–ડે ક્રિકેટનો દરજ્જો આપવામાં આવ્યો છે ?

– નેપાળ

૨ સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં યોજનાઓનો લાભ મેળવવા માટે આવક કેટલી કરવામાં આવી ?

– ૧.૨૦ લાખ

૩ ફેસબુકના સીઇઓ જણાવો ?

– માર્ક ઝુકરબર્ગ

૪ તાજેતરમાં કયાં ભારતીયની ફેસબુકના 'સિક્રેટ પોલીસ' તરીકે નિમણૂંક કરવામાં આવી ?

– સોનિયા આહુજા

૫ 'કોસ્ટ ઓફ લિવિંગ' રિપોર્ટ અનુસાર વિશ્વનું સૌથી મોંઘુ શહેર કયું છે ?

– સિંગાપોર

૬ કોસ્ટ ઓફ લિવિંગ રીપોર્ટ અંતર્ગત ભારતનું નવી દિલ્હી કેટલામાં ક્રમે છે ?

– ૧૨૪માં

૭ કોસ્ટ ઓફ લિવિંગ કોના દ્વારા બહાર પાડવામાં આવ્યો ?

– ઇકોનોમિસ્ટ ઇન્ટેલિજન્સ યુનિટ

૮ વર્ષ ૨૦૧૫ –૧૬ માટેનો કૃષિકર્મણ એવોર્ડ કયા રાજયને એનાયત થયો ?

– મધ્યપ્રદેશ

૯ કૃષિ કર્મણ એવોર્ડ કોના દ્વારા આપવામાં આવે છે ?

– કેન્દ્ર સરકાર

૧૦ મધ્યપ્રદેશના મુખ્યમંત્રીનું નામ જણાવો ?

– શિવરાજસિંહ ચૌહાણ

૧૧ ગુજરાતના વર્તમાન ચુંટણી અધિકારી નું નામ જણાવો ?

– એસ. મુરલીક્રિષ્ના

૧૨ એસ.મુરલી ક્રિષ્ના કઇ બેચના IAS અધિકારી છે ?

– ૧૯૯૮

૧૩ ગુજરાતના કયા ચુંટણી અધિકારીનું સ્થાન એસ. મુરલી ક્રિષ્ના લેશે ?

– બી.બી. સ્વૈન

૧૪ તાજેતરમાં કોંગ્રેસનું કેટલામું મહાઅધિવેશન યોજાયું હતું ?

– ૮૪

૧૫ ૮૪માં મહાઅધિવેશનની થીમ જણાવો ?

– સમય છે પરિવર્તનનો

૧૬ કોંગ્રેસનું પ્રથમ અધિવેશન કયાં યોજાયું હતું ? ક્યારે ?

– મુંબઇ ખાતે, વર્ષ ૧૮૮૫માં

૧૭ ચીનના રાષ્ટ્રપતિનું નામ જણાવો ?

– શી જિનપીંગ

## 19. March 2018

**(૧) અંડર– ૨૦ ફુટબોલ વર્લ્ડકપ :**

– કોલંબિયાના બોગોટોમાં યોજાયેલ ફિફા કાઉન્સિલની બેઠકમાં પોલેન્ડનો અંડર–૨૦ ફુટબોલ વર્લ્ડકપ માટે યજમાની આપવામાં આવી.

– અંડર–૨૦ વર્લ્ડકપ નું આયોજન મે અથવા જુનમાં થશે.

– છેલ્લે સાઉથ કોરિયાએ આ ટુર્નામેન્ટની યજમાની કરી હતી.

– જેમાં આર્જિન્ટિના ચેમ્પિયન બની હતી.

– આ ટુર્નામેન્ટ આર્જેન્ટિનાએ છ વખત તથા બ્રાઝિલે પાંચ વખત જીતી છે.

**(૨) નિદાહાસ ટ્રોફી**

– તાજેતરમાં શ્રીલંકાની યજમાનીમાં ભારત, બાંગ્લાદેશ, શ્રીલંકા વચ્ચે ત્રિકોણીય સીરીઝનું આયોજન થયું હતું.

– આ ત્રિકોણીય સિરિજનું નામ નિદાહાસ ટ્રોફી રાખવામાં આવ્યું હતું.

– ભારત – બાંગ્લાદેશ રમાયેલી ફાઇનલમાં ભારતે ૪ વિકેટથી વિજય મેળવી ચેમ્પિયન બન્યું.

– મેન ઓફ ધ મેચ દિનેશ કાર્તિકે છેલ્લા બોલે છગ્ગો મારી ભારતને વિજેતા બનાવ્યું.

**(૩) કિલિમાંજારો પર્વત (સુરભિ)**

– આફ્રિકાનો સૌથી ઉંચો પર્વત કિલિમાંજરો જૂનાગઢના સુરભિએ સર કર્યો.

– આફ્રિકાનાં તાન્ઝાનિયામાં આવેલ ૧૯,૩૪૧ ફુટની ઉંચાઇ માઉન્ટ કીલીમાંજારોની સુરભીએ ૭ દિવસમાં સર કર્યો.

– વિશ્વમાં કિલિમાંજારો પર્વત ઉંચાઇમાં ચોથા ક્રમે આવે છે.

**(૪) સુરત દેશનું સૌથી, સલામત શહેર**

– તાજેતરમાં 'વર્લ્ડ બ્લેઝ' નામની વેબસાઇટે જાહેર કરી રીપોર્ટમાં દેશનું સૌથી સુરક્ષિત શહેર સુરત પ્રથમ ક્રમે છે.

– આ રીપોર્ટમાં બીજા ક્રમે અમદાવાદને સ્થાન મળ્યું છે.

– ભારતના ટોચના ૫ સુરક્ષિત શહેરની યાદી

(૧) સુરત

(૨) અમદાવાદ

(૩) ચેન્નઇ

(૪) મુંબઇ

(૫) પૂણે

પ્રશ્નો :

૧ તાજેતરમાં ફિફા કાઉન્સિલની બેઠક કયા દેશમાં યોજાઇ હતી ?

– કોલંબિયા

૨ અંડર–૨૦ ફુટબોલ વર્લ્ડ કપ–૨૦૧૮નું આયોજન કયાં થશે ?

– પોલેન્ડ

૩ છેલ્લે અંડર–૨૦ ફુટબોલ વર્લ્ડકપનું આયોજન કયાં થયું હતું ?

– સાઉથ કોરિયા

૪ તાજેતરમાં શ્રીલંકાની યજમાનીમાં ભારત, શ્રીલંકા અને બાંગ્લાદેશ વચ્ચે ત્રિકોણીય શ્રેણી રમાઇ તેનું નામ જણાવો.

– નિદાહાસ

૫ જૂનાગઢની પર્વતરોહક સુરભીએ આફ્રિકાનો કયો પર્વત સર કર્યો ?

– કિલિમાંજારો

૬ વિશ્વમાં કિલિમાંજારો પર્વત ઉંચાઇમાં કયો ક્રમ ધરાવે છે ?

– ચોથો

૭ 'વર્લ્ડ બ્લેઝ' નામની વેબસાઇટના અહેવાલ મુજબ દેશનું સૌથી સુરક્ષિત શહેર ?

– સુરત

## 20. March 2018

**(૧) વિશ્વ ચકલી દિવસ :**

– 'તારો વૈભવ રંગ મહેલ ને નોકર ચાકરનું ધાડું,
મારા ફળિયે ચકલી બેસે એજ મારુ રજવાડું
– રમેશ પારેખ

**(૨) ઇન્ડિયન વેલ્સ ટેનિસ :**

– પુરૂષ સિંગલ્સ વિજેતા – જુઆન માર્ટિન ડેલ પોટ્રો આર્જેન્ટિના

– રનર્સ અપ – રોજર ફેડરર, સ્વિત્ઝર્લેન્ડ

**(૩) લિંગાયત ધર્મ – કર્ણાટક :**

– તાજેતરમાં સરકાર દ્વારા નાગભુષણ કમિટીના સુચનો અને રાજય લઘુમતી કાયદા હેઠળ કર્ણાટકમાં લિંગાયતને અલગ ધર્મનો દરજ્જો આપવામાં આવ્યો.

– ૧૨ મી સદીમાં સમાજસુધારક બાસવન્નાએ લિંગાયત સમાજની સ્થાપના કરી હતી.

– કર્ણાટકના મુખ્યમંત્રી – સિધ્ધરામૈયા

**(૪) ફિફા રેન્કિંગ :–**

– તાજેતરમાં ફિફાએ રેન્કિંગ જાહેર કર્યુ.

– ભારત આ રેન્કિંગમાં ૩૩૯ પોઇન્ટ સાથે ૯૯માં સ્થાને છે.



Vivekanand Academy Gandhinagar

- ભારતે ગતવર્ષે જુલાઇમાં ૯૬મો ક્રમ મેળવ્યો હતો.
- વર્ષ ૧૯૯૬માં ભારતે મેળવેલ ૯૪મો ક્રમ ફિફા રેન્કિંગમાં સર્વશ્રેષ્ઠ છે.
- ફિફા રેન્કિંગ ટોપ-૩ ટીમ :
  (૧) જર્મની (૨) બ્રાઝિલ (૩) પોર્ટુગલ

**(૫) વ્લાદિમીર પુતિન – રશિયા રાષ્ટ્રપતિ :-**
- રશિયાની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પુતિનનો સૌથી મોટો વિજય થયો.
- પુતિન રશિયાના ૧૮ વર્ષમાં ચોથી વખત રાષ્ટ્રપતિ બન્યા.
- પુતિનના પ્રતિસ્પર્ધી કમ્યુનિસ્ટ નેતા પોવેલ ગુરૂદિનીનને માત્ર ૧૨ ટકા જ મત મળ્યા હતા.
- રશિયાની રાષ્ટ્રપતિ ચૂંટણી માટે ભારતમાં રહેતા રશિયન નાગરિકો માટે હિમાચલ પ્રદેશમાં મતદાન કેન્દ્ર બનાવાયું હતું.

**પ્રશ્નો :**

(૧) વિશ્વ ચકલી દિવસ ક્યારે ઉજવાય છે ?
- ૨૦ માર્ચ

૨ માર્ચ ૨૦૧૮માં ફિફા રેન્કિંગમાં ભારતનો ક્રમ જણાવો ?
- ૯૯

૩ ફિફા રેન્કિંગમાં પ્રથમ ક્રમે કઇ ટીમ છે ?
- જર્મની

૪ રશિયાના રાષ્ટ્રપતિ કોણ બન્યા ?
- વ્લાદિમીર પુતિન

૫ રશિયાની રાષ્ટ્રપતિ ચૂંટણી માટે ભારતમાં રશિયન નાગરિકો માટે ક્યાં મતદાન મથક બનાવાયું હતું ?
- હિમાચલ પ્રદેશ

## 21. March 2018

**(૧) આંતરરાષ્ટ્રીય વન દિવસ :**
- આ વર્ષની થીમ : ફોરેસ્ટ એન્ડ સસ્ટેનેબલ સિટીઝ

**(૨) વિશ્વ કવિતા દિવસ :**
- વિશ્વભરમાં કવિતા પરંપરા જળવાઇ રહે એટલા માટે 'યુનેસ્કો' દ્વારા ૧૯૯૯ થી દર વર્ષે ૨૧ માર્ચના રોજ વિશ્વ કવિતા દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- યુનેસ્કોનું વડુ મથક : પેરીસ (ફ્રાન્સ)

**(૩) બિહારમાં દેશનું સૌથી પાવરફૂલ એન્જિન બન્યું :**
- બિહારના મધેપુરા ખાતે આવેલ રેલવે ફેક્ટરીમાં દેશનું સૌથી પાવરફૂલ ઇલેક્ટ્રિક એન્જિન બન્યું છે.
- આ એન્જિન મેક ઇન ઇન્ડિયા પ્રોજેક્ટ હેઠળ બન્યું છે.
- આ એન્જિન થી દેશની માલગાડીઓ ૧૨૦૦૦ હોર્સ પાવર સાથે ૧૦૦ કિમીની ઝડપે દોડશે.
- એન્જિનની ક્ષમતા ૯૦૦૦ ટન સુધીનો માલ લઇ જવાની છે.
- આ એન્જિન ભારતીય રેલવે અને ફ્રાન્સની આલ્સટમ કંપનીના સંયુક્ત સાહસથી આકાર પામ્યું છે.
- રેલવે અને ફ્રાન્સની આલ્સટમ કંપની વચ્ચે વર્ષ ૨૦૧૫માં ૨૦૦૦૦ કરોડ રૂપિયાનો કરાર થયો હતો.
- રેલવે હાલમાં માલવહન માટે WLG-9 એન્જિનનો ઉપયોગ કરે છે. જે હાલની સ્થિતિએ સૌથી પાવરફૂલ છે.
- તેમાં ૬૦૦૦ હોર્સપાવર શક્તિ છે.
- તે ૨૦૧૪માં ટ્રેક પર આવ્યું હતું.
- કેન્દ્રિય રેલવે મંત્રી : પીયુષ ગોયલ

**(૪) ભારત- ફ્રાન્સ નૌસેના કવાયત :**
- તાજેતરમાં ભારત અને ફ્રાંન્સના નૌકાદળ વચ્ચે અરબી સમુદ્રમાં સંયુક્ત કવાયત યોજાઇ.
- આ સંયુક્ત કવાયતને વરૂણ નામ આપવામાં આવ્યું છે.
- બંને દેશના નેવી દ્વારા પરસ્પરના સહયોગથી સાગરી સુરક્ષા વધારવાના ધ્યેય સાથે કવાયતનું આયોજન થયું છે.
- છેલ્લા ૨૫ વર્ષથી આ કવાયતનું આયોજન થાય છે.
- આ કવાયતમાં ભારતીય નૌસેના દ્વારા વિનાશીકા ફ્રિગેટ ત્રિકંદ અને તેની પરના હેલિકોપ્ટરો, INS ક્લવરી તેમજ મીગ-૨૯ ફાઇટર એરક્રાફ્ટ ભાગ લેશે.

**(૫) વિશ્વનો સૌથી મોટો સોલર પ્રોજેક્ટ દુબઇમાં લોન્ચ થયો :**
- દુબઇમાં રાષ્ટ્રપતિ મોહમ્મદ બિન રાશિદ અલ મક્તૌમે દુનિયાનો સૌથી મોટો સોલર પ્રોજેક્ટ લોન્ચ કર્યો.
- આ પ્રોજેક્ટ દુબઇના ૨૭૦૦૦ લોકોને ૭૦૦ મેગાવોટ એનર્જી આપશે.
- ૧૬૦ મીટરનું દુનિયાનું સૌથી ઉંચુ સોલર ટાવર બનાવ્યું છે. જેમાં દુનિયાની સૌથી વધુ થર્મલ એનર્જી સંગ્રહ કરવાની ક્ષમતા છે.
- આ પ્રોજેક્ટ થકી ૧૪ લાખ ટન કાર્બનનું ઉત્સર્જન ઘટશે

**પ્રશ્નો :**

૧ આંતરરાષ્ટ્રીય વન દિવસની આ વર્ષની થીમ જણાવો ?
- ફોરેસ્ટ એન્ડ સસ્ટેનેબલ સિટિઝ

૨ વિશ્વ કવિતા દિવસ ક્યારે ઉજવાય છે ?
- ૨૧ માર્ચ

૩ યુનેસ્કોનું વડુ મથક ?
- પેરીસ (ફ્રાન્સ)

૪ વિશ્વભરમાં કવિતા પરંપરા જળવાઇ રહે તે માટે યુનેસ્કોએ ક્યારથી વિશ્વ કવિતા દિવસ મનાવે છે ?
- ૧૯૯૯ થી

૫ દેશનું સૌથી પવારફૂલ ઇલેક્ટ્રિક એન્જિન ક્યાં બન્યું ?
- મધેપુરા (બિહાર)

૬ દેશનું સૌથી પાવરફૂલ એન્જિન કોના દ્વારા બનાવવામાં આવ્યું ?
- ભારતીય રેલવે અને ફ્રાન્સની આલ્સટમ કંપની દ્વારા

૭ તાજેતરમાં ભારત અને ફ્રાંન્સના નૌકાદળ સંયુક્ત કવાયત ક્યાં યોજાઇ હતી ?
- અરબી સમુદ્ર

૮ આ સંયુક્ત કવાયતને શું નામ આપવામાં આવ્યું ?
- વરૂણ

## 22. March 2018

**(૧) વિશ્વ જળ દિવસ :**
- દર વર્ષે ૨૨ માર્ચના રોજ વિશ્વ જળ દિવસ તરીકે મનાવવામાં આવે છે.
- વર્ષ ૧૯૯૩ થી સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાએ આ દિવસને એક વાર્ષિક કાર્યક્રમના ભાગ રૂપે મનાવવાનો નિર્ણય લીધો છે.
- આ વર્ષની થીમ : નેચર ફોર વોટર

**(૨) કવિ સુન્દરમ્ ની જન્મજયંતિ :**
- ગુજરાતી પ્રણય કાવ્યના કવિ અને સાહિત્યકાર સુન્દરમ્ ની આજે ૧૧૦ મી જન્મજયંતિ છે.
- તેમનો જન્મ ભરૂચ જીલ્લાના આમોદ તાલુકાના મિયામાંતર ખાતે થયો હતો.
- ગાંધી યુગના મુર્ધન્ય કવિ સુન્દરમ્ ની 'ખેલાડી' વાર્તા ખૂબ જ પ્રસિદ્ધ છે.
- કાવ્યમંગલા, ફૂટપાટના સૂનાર, તેમના જાણીતા કાવ્યગ્રંથો છે.

**(૩) દુનિયાના બેસ્ટ સિટીની યાદી :**
- તાજેતરમાં લંડન ખાતે દુનિયાના બેસ્ટ સિટીની યાદી જાહેર થઇ.
- આ યાદીમાં ઓસ્ટ્રીયાનું વિયેના સિટી સૌથી શ્રેષ્ઠ સિટી છે.
- તથા આ યાદીમાં બગદાદ શહેર સૌથી છેલ્લા ક્રમ પર છે.
- દુનિયાના ૨૩૧ શહેર પર સર્વે કરવામાં આવ્યો હતો.
- આ અભ્યાસમાં રાજકીય સ્થિરતા, લોકોનો સ્વાસ્થ્ય, શિક્ષણ, ક્રાઇમ, વિકાસ, પરિવહન જેવા પાસાને આવરી લેવાય છે.
- આ યાદી મુજબ ભારતના હૈદરાબાદ અને પૂણે સંયુક્તપણે ભારતમાં પ્રથમ ક્રમે છે જ્યાં સૌથી નીચો ક્રાઇમ રેટ છે.

Vivekanand Academy Gandhinagar

| ભારતના બેસ્ટ શહેરો | વૈશ્વિક ક્રમ |
|---|---|
| હૈદરાબાદ | ૧૪૨ |
| પૂણે | ૧૪૨ |
| બેંગલુરૂ | ૧૪૯ |
| ચેન્નઇ | ૧૫૧ |
| મુંબઇ | ૧૫૪ |

પ્રશ્ન :

૧ ‘નેચર ફોર વોટર’ થીમ કયા દિવસ માટે રખાય છે ?

– વિશ્વ જળ દિવસ

૨ તાજેતરમાં કવિ સુન્દરમ્‌ની કેટલામી જન્મજયંતિ ઉજવાય ?

– ૧૧૦ મી

૩ તાજેતરમાં લંડન ખાતે દુનિયાની બેસ્ટ સિટીની યાદી જાહેર થઇ તેમાં સૌથી શ્રેષ્ઠ સિટી કઇ છે ?

– વિયેના, ઓસ્ટ્રીયા

૪ દુનિયાની બેસ્ટ સીટીની યાદીમાં સૌથી છેલ્લા ક્રમે કઇ સીટી આવી ?

– બગદાદ શહેર

૫ દુનિયાની બેસ્ટ સીટીની યાદીમાં ભારતનું શ્રેષ્ઠ શહેર કયું છે ?

– હૈદરાબાદ, પૂણે

## 23. March 2018

**(૧) શહીદ દિવસ :**

– ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન ૨૩ માર્ચ, ૧૯૩૧ના રોજ વિર ક્રાન્તિકારી ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂને ફાંસી આપવમાં આવી હતી.

– તેથી વીર શહિદોની યાદમાં ભારતમાં ૨૩ માર્ચને રાષ્ટ્રીય શહીદ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

– શહીદ દિવસ નિમિત્તે ભારતીય સંરક્ષણ મંત્રાલય દ્વારા મહત્વની જાહેરાત કરવામાં આવી

– જે અંતર્ગત કેન્દ્ર સરકાર હવેથી શહીદોના સંતાનોને શિક્ષણ માટે સંપૂર્ણ સહાય આપશે.

– આ અગાઉ શહિદોના સંતાનને શિક્ષણ માટે માસિક ૧૦૦૦૦ સુધીની મર્યાદામાં જ સહાય કરાતી.

– એજ્યુકેશનલ કન્સેશન નામની આ મર્યાદા હવે દુર કરી દેવાઇ છે.

**(૨) વિશ્વ શાળા દિવસ**

**(૩) વિશ્વ વાયુશાસ્ત્ર દિવસ**

**(૪) CRPF માં દેશની પ્રથમ મહિલા બટાલિયનને ૨૨ વર્ષ પૂર્ણ થયા.**

– તત્કાલીન વડાપ્રધાન રાજીવગાંધીની પહેલથી દેશની પ્રથમ મહિલા બટાલીયનની રચના કરાઇ હતી.

– તેનું વડુ મથક દિલ્હીમાં બનાવાયું હતું.

– દેશમા CRPF એકમાત્ર એવું દળ છે જેમાં પાંચ મહિલા બટાલીયન છે. જેમાં લગભગ ૬ હજારથી વધુ મહિલા જવાનો છે.

– માર્ચ ૧૯૮૭માં ટ્રેનિંગ બાદ ૮૮ મહિલા જવાનોએ મેરઠ રમખાણો દરમિયાન પ્રસંશાને પાત્ર કામગીરી કરી હતી.

– બીજી ૧૩૫ મહિલા બટાલીયનના જવાનોએ ૧૯૯૬માં લોકસભા ચૂંટણી દરમિયાન સેવા આપી હતી.

– હાલ જમ્મુ કાશ્મિર, અયોધ્યા, મણિપુર, સહિત દેશના અનેક ક્ષેત્રોમાં મહિલા જવાનો સેવા પર તહેનાત છે.

**(૩) બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઇલનું સફળ પરિક્ષણ :**

– ભારતે સુપરસોનિક ક્રુઝ મિસાઇલનું સફળ પરિક્ષણ કર્યું.

– રાજસ્થાનના પોખરણ ટેસ્ટ રેન્જ પરથી આ મિસાઇલનું પરિક્ષણ કરવામાં આવ્યું.

– આ મિસાઇલનું નિર્માણ બ્રહ્મોસ અરોસ્પેસ લિમિટેડ કંપની દ્વારા કરવામાં આવ્યું છે.

– ભારતીય કંપની (DRDO) ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન) અને રશિયન કંપનીના સંયુક્ત સાહસથી બ્રહ્મોસ મિસાઇલનું નિર્માણ કરાયું છે.

– બ્રહ્મોસ મિસાઇલનું નામ ભારતની બ્રહ્મપુત્રા અને રશિયાની મોસ્કવા નદીના નામ પરથી રાખવામાં આવ્યું છે.

– આ મિસાઇલની રેન્જ ૪૦૦ કિ.મી. સુધીની છે.

પ્રશ્ન :

૧ વિશ્વ શાળા દિવસ ક્યારે ઉજવાય છે ?

– ૨૩ માર્ચ

૨ કોની પહેલથી CRPF માં પ્રથમ મહિલા બટાલિયન રચના કરાઇ ?

– રાજીવગાંધી

૩ બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઇલનું સફળ પરિક્ષણ કયા સ્થળે કરાયું ?

– પોખરણ (રાજસ્થાન)

૪ બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઇલનું નિર્માણ કોના દ્વારા કરાવમાં આવ્યું ?

– બ્રહ્મોસ એરોસ્પેસ લિમિટેડ કંપની

૫ આ મિસાઇલની રેન્જ કેટલી છે ?

– ૪૦૦ કિ.મી.

## 24. March 2018

**(૧) વિશ્વ ટી.બી. દિવસ :**

– ભારત સરકાર નેશનલ સ્ટ્રેટેજીક પ્લાન હેઠળ ટી.બી. સામે સઘન લડત ચલાવશે.

– તે અંતર્ગત વર્ષ ૨૦૨૫ સુધીમાં ભારતને ટીબીના રોગથી મુક્તિ આપવાનું લક્ષ્ય સધાયુ છે.

**(૨) ડીસામાં એરફોર્સનો ફાઇટર બેઝ બનશે :**

– વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મળેલી સુરક્ષા બાબતોની કેબિનેટ સમિતિએ વાયુસેનાની દરખાસ્ત મંજૂર કરી.

– બનાસકાંઠા જિલ્લાના ડિસા નજીક વાયવ્ય ગુજરાતના વાયુસેનાનું નવું મથક ઉભું કરાશે.

– આ મથક વાયુસેનાના ગાંધીનગર મુખ્યાલયના કમાન્ડ હેઠળ રહેશે.

– આ મુખ્યાલય વાયવ્ય એર કમાન્ડ સંભાળે છે. મુખ્યાલય ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાન વિસ્તારની સુરક્ષા વ્યવસ્થા સંભાળે છે.

પ્રશ્નો :

૧ ભારત સરકારે કયા સુધીમાં ટી.બી. મુક્તનો લક્ષ્ય રાખ્યો છે ?

– ૨૦૨૫

૨ ભારત સરકાર કયા પ્લાન હેઠળ ટીબી માટે લડત ચલાવશે ?

– નેશનલ સ્ટ્રટેજીક

૩ ગુજરાતમાં કયા સ્થળે વાયુસેનાનું નવું મથક બનાવશે ?

– ડીસા (બનાસકાંઠા)

૪ ડીસાનં એરફોર્સનો ફાઇટર બેઝ માટે મંજુરી કોણે આપી ?

– નરેન્દ્રમોદીના નેતૃત્વવાળી કેબિનેટ સમિતિએ

## 25. March 2018

**(૧) વિશ્વનું સૌથી મોટું જહાજ સમુદ્રમાં ઉતર્યું :**

– સિમ્ફની ઓધ ફ સી નામનું વિશ્વનું સૌથી મોટું જહાજ સમુદ્રમાં ઉતર્યું.

– આ ક્રુજ જહાજ ૧૧૮૮ ફુટની લંબાઇ ધરાવે છે. તથા ૨,૨૮,૦૦૦ ટન વજન ધરાવે છે.

– આ જહાજ માયામી પોર્ટનું છે તથા એસટીએક્સ ફ્રાંન્સ કંપની દ્વારા જહાજનું નિર્માણ કરવામાં આવ્યું છે.

**(૨) કોમનવેલ્થગેમ્સમાં ભારતીય દળના ધ્વજવાહક :**

– એપ્રિલ માસમાં ઓસ્ટ્રેલિયાના ગોલ્ડ કોસ્ટ ખાતે કોમનવેલ્થ ગેમ્સનું આયોજન થશે.

– ચોથી એપ્રિલના રોજ ગોલ્ડ કોસ્ટના કરારા સ્ટેડિયમમાં કોમનવેલ્થ ગેમ્સનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાશે.

– આ ઉદ્‌ઘાટન સમારોહમાં ભારતીય દળના ધ્વજવાહક પી.વી. સિંધુ હશે.

Vivekanand Academy Gandhinagar

- ભારતીય બેડમિન્ટન સ્ટાર પી.વી. સિંધુએ રિયો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

**(૩) બાંગ્લાદેશના ૪૦ જજ જ્યુડિશિયલ તાલીમ માટે અમદાવાદ આવ્યા :**

- ગુજરાતના ન્યાયતંત્રના ઇતિહાસમાં સૌપ્રથમવાર અમદાવાદની મેટ્રો પોલિટન કોર્ટ અને ગ્રામ્ય ડિસ્ટ્રીક્ટ કોર્ટની મુલાકાતે બાંગ્લાદેશના ૪૦ જજ મુલાકાતે આવ્યા.
- આ ૪૦ જજ એક અઠવાડીયા સુધી અમદાવાદની નેશનલ એકેડમીમાં ટ્રેનિંગ માટે આવ્યા છે.
- બાંગ્લાદેશ રાજધાની : ઢાંકા

**(૪) રામનવમી :**

- ગુજરાતી માસ મુજબ ચૈત્ર સુદ નોમના દિવસે રામનવમી ઉજ્જવામાં આવે છે.

**(૫) પંકજ અડવાણી : બિલિયડ્ર્સ**

- ભારતીય દિગ્ગજ બિલિયડ્ર્સ ખેલાડી પંકજ અડવાણીએ ૧૭મી એશિયન બિલિયડ્ર્સ ચેમ્પિયનશીપ જીતી.
- પંકજે ભારતના બી.ભાસ્કરને ૬–૧ થી પરાજય આપી ટાઇટલ જાળવી રાખ્યું હતું.
- અડવાણીનો એશિયન લેવલે આ ૧૧ મો ગોલ્ડ મેડલ હતો. આ સાથે બિલિયર્ડ્સમાં તેના ટાઇટલની કુલ સંખ્યા સાત થઇ.
- પંકજ આ સાથે ૨૦૧૭–૧૮માં ભારતીય, એશિયન અને વર્લ્ડ બિલિયડ્ર્સ ચેમ્પિયન બન્યો.

પ્રશ્નો :

૧ તાજેતરમાં વિશ્વનું સૌથી મોટું જહાજ સમુદ્રમાં ઉતર્યુ તેનું નામ જણાવો ?
– સિમ્ફની ઓફ ધ સી
૨ આ જહાજનું નિર્માણ કોના દ્વારા કરવામાં આવ્યું ?
– એસટીએ એક્સ ફ્રાંન્સ કંપની
૩ કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કયા થશે ?
– ઓસ્ટ્રેલિયા
૪ કોમનવેલ્થ ગેમ્સના સમારોહમાં ભારતીય દળના ધ્વજવાહક કોણ હશે ?
– પી.વી. સિંધુ
૫ ગુજરાતી માસ મુજબ રામનવમી ક્યારે ઉજવાય છે ?
– ચૈત્ર સુદ નોમના દિવસે

## 26. March 2018

**(૧) મન કી બાત :**

- ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૪૨મી મન કી બાત સંબોધી.
- દર મહિનાના છેલ્લા રવિવારે વડાપ્રધાન મોદી રેડિયો દ્વારા દેશની જનતાને સંબોધે છે.
- મન કી બાતના મહત્વના અંશો :
  – બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે ૧૪ એપ્રિલ થી ૫ મી મે સુધી ગ્રામ સ્વરાજ અભિયાન ચલાવવામાં આવશે.
  – દેશના દરેક ત્રણ જિલ્લા વચ્ચે એક મેડિકલ કોલેજ ખુલશે
  – સંસ્કૃતના ઓનલાઇન કોર્ષ અંગે વિચારણા પણ કરવામાં આવશે.

**(૨) રેલવે દ્વારા કુલીના ડ્રેસ કોડમાં બદલાવ કરાશે :**

- ભારતીય રેલવે વિભાગ દ્વારા કુલીઓને લઇ કેટલાક ફેરફાર કરવાની વિચારણા કરવામાં આવી.
- જેમાં મુખ્યત્વે કુલીઓનો ડ્રેસ બદલવામાં આવશે જેમાં ખાનગી કંપનીઓની જાહેર ખબર જોવા મળશે.
- આ જાહેર ખબર થકી રેલવે વિભાગને અલગથી નફો થશે.
- કુલીને સમાન ફેરવવામાં સરળતા પડે તેના માટે ટ્રોલીની વ્યવસ્થા કરવાની વિચારણા ચણ ચાલી રહી છે.

**(૩) બાંગ્લાદેશ આઝાદ દિવસ :**

- ૨૬ માર્ચને બાંગ્લાદેશના આઝાદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- વર્ષ ૧૯૭૧માં ૨૬ માર્ચના રોજ બાંગ્લાદેશે પાકિસ્તાનથી પોતાની આઝાદીની જાહેરાત કરી હતી.

પ્રશ્નો :

૧ વડાપ્રધાન નરેન્દ્રમોદીએ કેટલામી મન કી બાતનું સંબોધન કર્યું ?
– ૪૨મી
૨ દેશના દરેક ત્રણ જિલ્લા વચ્ચે મેડીકલ કોલજ ખોલવાનું નિવેદન વડાપ્રધાન મોદીએ કેટલામી મન કી બાતમાં કહ્યું ?
– ૪૨ મી
૩ બાંગ્લાદેશ આઝાદ દિવસ ક્યારે ઉજવાય છે ?
– ૨૬ માર્ચ
૪ બાંગ્લાદેશ આઝાદ કયા વર્ષમાં થયો ?
– ૧૯૭૧માં

## 27. March 2018

**(૧) વિશ્વ રંગભૂમી દિવસ :**

**(૨) ગુજરાતની તમામ મીડિયમની સ્કૂલોમાં ગુજરાતી ફરજીયાતઃ**

- ગુજરાત રાજ્યમાં કેન્દ્ર અને આંતરરાષ્ટ્રીય સહીતના બોર્ડ હેઠળ સંચાલીત સ્કૂલોમાં ગુજરાતી ભાષાનો વિષય ફરજીયાત કરવામાં આવશે.
- શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે જૂન–૨૦૧૮થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી આ નિર્ણયનો અમલ કરવામાં આવશે.

પ્રશ્નો :

૧ વિશ્વ રંગભૂમિ દિવસ ક્યારે ઉજવવામાં આવે છે ?
– ૨૭ માર્ચે
૨ ગુજરાતની તમામ મીડીયમની સ્કૂલોમાં ગુજરાતી વિષય ફરજીયાતનો નિર્ણય ક્યારથી અમલવારી કરવામાં આવશે ?
– જુથ – ૨૦૧૮ થી

## 28. March 2018

**(૧) માધવપુર ઘેડ મેળો :**

- પોરબંદર જિલ્લાના માધવપુર ઘેડ ખાતે દર વર્ષે પાંચ દિવસીય મેળાનું આયોજન થાય છે.
- ચૈત્ર સુદ નોમથી તેરસ દરમિયાન કૃષ્ણ–રૂકમણી વિવાહ પ્રસંગ ધામધૂમથી ઉજવાય છે.
- આ મેળામાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી અને રાજ્યપાલ ઓ.પી. કોહલીએ હાજરી આપી હતી.
- મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી હતી કે હવેથી દર વર્ષે સરકાર આ મેળાનું આયોજન કરશે.
- આ ધર્મોત્સવને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એકાત્મક ભારતના વિચારને સાકાર કરવા ગુજરાત અને અરૂણાચલ પ્રદેશની બે સંસ્કૃતિના મિલનના શુભ આશયથી આ પરંપરાને રાષ્ટ્રીય સ્તરે પાંચ દિવસીય ઉત્સવમાં પરિવર્તિત કર્યો છે.
- માધવપુરને ભારતની શ્રેષ્ઠ ઐતિહાસિક નગરી તરીકે વિકસાવવામાં આવશે.
- આ પ્રસંગે મણીપુરના મુખ્યમંત્રી એન.બીરેનસિંઘ તથા અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુ પણ હાજર રહ્યા હતા.

**(૨) ફોર્બ્સ ૩૦–અંડર ૩૦ એશિયા –૨૦૧૮ :**

- તાજેતરમાં ફોર્બ્સ દ્વારા ‘ફોર્બ્સ ૩૦ –અંડર ૩૦ એશિયા લીસ્ટ જાહેર કરવામાં આવ્યું.
- પોતે જે ક્ષેત્રમાં હોય તેનો કાયાપલટ કરતા અને એશિયામાં હકારાત્મક પરિવર્તન લાવતા ઇનોવેટર્સને આ લિસ્ટમાં સ્થાન અપાય છે.
- આ યાદીમાં સ્થાન મેળવનાર ભારતીયો : અનુષ્કા શર્મા, પી. વી. સિંધુ

પ્રશ્નો :

૧ માધવપુર ઘેડ મેળાનું આયોજન કયારે થાય છે ?
– ચૈત્ર સુદ નોમથી તેરસ

Vivekanand Academy Gandhinagar

૨ માધવપુર ઘેડ મેળામાં કયા કયાં રાજ્યના મુખ્યમંત્રીઓએ હાજરી આપી હતી ?
– મણીપુર અને અરૂણાચલ પ્રદેશ
૩ માવધપુર ઘેડ મેળામાં કયા બે રાજ્યોની સંસ્કૃતિનું મિલન થયું હતું ?
– ગુજરાત અને અરૂણાચલપ્રદેશ
૪ ફોર્બ્સ – ૩૦ અને અંડર–૩૦ એશિયા યાદીમાં સ્થાન મેળવનાર ભારતીયોના નામ જણાવો ?
– અનુષ્કા શર્મા, પી. વી. સિંધુ

## 29. March 2018

**(૧) જૂનિયર શુટીંગ વર્લ્ડકપ :**
– જૂનિયર શુટીંગ વર્લ્ડકપનું આયોજન ઓસ્ટ્રેલિયાના સીડની ખાતે થયું હતું.
– આ વર્લ્ડકપમાં ભારત ૯ ગોલ્ડ, ૫ સિલ્વર તથા ૮ બ્રોન્ઝ એમ ૨૨ મેડલ જીતી મેડલ ટેલીમા બીજા સ્થાને રહ્યું હતું.
– જ્યારે ચીન ૨૫ મેડલ સાથે પ્રથમ ક્રમે રહ્યું હતું.

**ભારતના દિગ્ગજ જૂનિયર શૂટર :**
– માનુ ભાકર, અનીશ ભનવાલા
મુસ્કાન વિવાન ક્યુરે
ઇલાવેનિલ વાલારિવન

પ્રશ્નો :
૧ જુનિયર શુટીંગ વર્લ્ડકપનું આયોજન કયાં થયું હતું ?
– સિડની (ઓસ્ટ્રેલિયા)
૨ જુનિયર શુટીંગ વર્લ્ડકપમાં ભારતે કુલ કેટલા મેડલ જીત્યા હતા ?
– ૨૨ મેડલ (૯ ગોલ્ડ, ૫ સિલ્વર, ૮ બ્રોન્ઝ)
૩ જુનિયર શુટીંગ વર્લ્ડકપમાં ભારતે કુલ કેટલા ગોલ્ડ મેડલ જીત્યા હતા ?
– ૯
૪ જુનિયર શુટીંગ વર્લ્ડકપમાં મેડલ ટેલીમાં બીજા સ્થાને રહેનાર દેશનું નામ જણાવો ?
– ભારત

## 30. March 2018

**(૧) ચીનમાં બન્યો વિશ્વનો સૌથી લાંબો બ્રિજ :**
– ચીને વિશ્વનો સૌથી નાનો સમુદ્રી બ્રીજ બનાવ્યો
– આ બ્રીજ ચીનના હોંગકોંગને ઝુહાઇ શહેર સાથે જોડે છે.
– બ્રિજના બાંધકામમાં સાત વર્ષ જેટલો સમય લાગ્યો.
– આ બ્રિજની લંબાઇ ૫૫ કિ.મી. છે.
– બ્રિજમાં ૬.૭ કિ.મી. અંડર વોટર ટનલનો પણ સમાવેશ થાય છે.
– બ્રિજમાં વપરાયેલ ૪૨૦૦૦ ટન સ્ટીલથી પેરીસને વિખ્યાત એફિલ ટાવર ૬૦ વખત બની જાય.

**(૨) ઉત્તરપ્રદેશમાં સરકારી દફતરોમાં બાબાસાહેબનું નામ બદલાવાયું :**
– ઉત્તરપ્રદેશમાં ડૉ.બી.આર. આંબેડકરના મિડલ નેમ તરીકે રામજીને સ્થાન સત્તાવાર રીતે આપવામાં આવ્યું.
– યુપીમાં યોગી સરકારે તેના વિભાગો તથા અલ્હાબાદ હાઇકોર્ટ અને તેની લખનઉ બેન્ચને ડૉ. ભિમરાવ રામજી આંબેડકર લખવાનો આદેશ આપ્યો.

પ્રશ્નો :
૧ વિશ્વનો સૌથી લાંબો બ્રીજ કયાં દેશમાં આવેલ છે ?
– ચીનમાં
૨ ભારતના કયા રાજ્યમાં બાબા સાહેબનું નામ બદલવાયું ?
– ઉત્તરપ્રદેશ
૩ વિશ્વના સૌથી લાંબા બ્રિજની લંબાઇ જણાવો ?
– ૫૫ કિ.મી.

## 31. March 2018

**(૧) આનંદીબાઇ જોષી :**
– ભારતના પ્રથમ મહિલા ડૉક્ટર આનંદીબાઇ જોષીની આજે ૧૫૩ મી જન્મજયંતિ છે.
– પૂણેમાં જન્મેલા આનંદીબાઇનું બાળપણનું નામ યમુના હતું.
– માત્ર ૯ વર્ષની બાળવયે તેમના લગ્ન ગોપાળરાવ સાથે થયા હતા.
– માત્ર ૧૯ વર્ષની ઉંમરે અમેરિકાથી મેડીકલની પદવી લઇ ભારત આવ્યા હતા.
– ૧૮૮૭માં માત્ર ૨૨ વર્ષની ઉંમરે ટીબીના કારણે તેમનું અવસાન થયું.

**(૨) દેશનો સૌથી લાંબો ૬ લેન એલીવેટેડ રોડ :**
– તાજેતરમાં ઉત્તરપ્રદેશના સી.એમ. યોગી આદિત્યનાથે દેશના સૌથી લાંબા ૬ લેનાવાળા એલિવેટેડ રોડનું ઉદ્ઘાટન કર્યું.
– હવેમાત્ર ૧૫ મિનિટમાં ગાઝિયાબાદથી દિલ્હી પહોંચી શકાશે.
– ૧૦.૩૦ કિ.મી. લાંબા આ રોડના નિર્માણ પાછળ રૂ.૧૧૦૦ કરોડ ખર્ચ થયા છે.
– આ રોડમાં કોઇપણ સ્થળે ૧ થી વધારે પિલ્લરનો સપોર્ટ અપાયો નથી.
– આ એલીવેટેડ રોડ કુલ ૨૮૨ પિલ્લર પર ઉભો છે.

**(૩) નાગાલેન્ડમાં ઇન્દિરા ગાંધી સ્ટેડીયમનું નામ બદલાયું.**
– તાજેતરમાં નાગાલેન્ડમાં નવી સરકારની રચના થયા બાદ કાહિમા ખાતેના ઇન્દિરા ગાંધી સ્ટેડિયમનું ના બદલીને ડૉ. ટી. આઓ સ્ટેડિયમ કરવા ઠરાવ થયો.
– ડૉ. ટી.આઓ નાગાલેન્ડના પહેલા ઓલિમ્પિયન ખેલાડી છે.
– આ વર્ષે ડૉ. તાલિમેરેન આઓનું જન્મ શતાબ્દી વર્ષ છે.
– વર્ષ ૧૯૪૮ની લંડન ઓલિમ્પિકમાં તેમની પસંદગી થઇ હતી.
– તેમણે ભારતની ફૂટબોલ ટીમનું નેતૃત્વ કર્યું હતું.

પ્રશ્નો :
૧ ભારતના પ્રથમ મહિલા ડૉક્ટરનું નામ જણાવો ?
– આનંદબાઇ જોષી
૨ આનંદીબાઇ જોષીએ કેટલા વર્ષની ઉંમરે મેડીકલ પદવી મેળવી લીધી હતી ?
– ૧૯ વર્ષ
૩ દેશનો સૌથી લાંબો ૬ લેન એલીવેટેડ રોડ કયા રાજ્યમાં બનાવવામાં આવ્યો છે ?
– ઉત્તરપ્રદેશ
૪ આ એલીવેટેડ રોડના નિર્માણ પાછળ કેટલા રૂપિયાનો ખર્ચ થયો ?
– ૧૧૦૦ કરોડ
૫ આ એલીવેટેડ રોડ કયા બે શહેરોને જોડશે ?
– ગાઝીયાબાદ અને દિલ્હી

**માર્ચના મહિનામાં આવતા અગત્યના દિવસોની રૂપરેખા :**
– ૩ માર્ચ : વિશ્વ વન્યજીવ દિવસ :
– ૪ માર્ચ : રાષ્ટ્રીય સુરક્ષા દિન
– ૮ માર્ચ : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ
– ૧૨ માર્ચ : દાંડીકુચ દિવસ
– ૧૫ માર્ચ : વિશ્વ ગ્રાહક દિન
– ૨૦ માર્ચ : વિશ્વ ચકલી દિવસ
– ૨૧ માર્ચ : આંતરરાષ્ટ્રીય વન દિવસ
– ૨૧ માર્ચ : વિશ્વ કવિતા
– ૨૨ માર્ચ : વિશ્વ જળ દિવસ
– ૨૩ માર્ચ : શહિદ દિવસ
– ૨૩ માર્ચ : વિશ્વ શાળા દિવસ
– ૨૩ માર્ચ : વિશ્વ વાયુશાસ્ત્ર દિવસ
– ૨૪ માર્ચ : વિશ્વ ટી.બી. દિવસ
– ૨૭ માર્ચ : વિશ્વ રંગભૂમી દિવસ

Vivekanand Academy Gandhinagar